# વાયડામિત્ર

વર્ષ : ૧૦૦ જુલાઇ - ૨૦૨૨ અંક : ૭
R.N.I No.: 6316/57
કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)



Painting by Esha Shah, Ahmedabad

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES







- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah, Rahul Shah, Bipin Shah, Geeta Shah, Dhaval Shah, Jitendra Shah, Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

જુલાઈ ૨૦૨૨, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૦, અંક-૭

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ-મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં :** રૂા. ૫૦૦૧/-

સુજ્ઞ જ્ઞાતિજનો, એપ્રિલ, ૨૦૨૧ થી વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## સૌરભના સ્વરેથી .... સમય



મૂલ્ય એનું અમૂલ્ય,
સંગેમરમર એની સુંદરતા;
લાજવાબ એનો જવાબ,
બિહામણી એની ક્રુરતા.

એક જ સમયે સૌની,
ભિન્ન-ભિન્ન સ્થિતિ;
કોઈકની ચડતી,
તો કોઈકની ટોચેથી પડતી.

સમય આવશે જ્યારે,
અવશ્ય મળશે ભોગવવા;
સમય જશે ત્યારે,
અનિવાર્ય થશે ભોગવવું.

સમય કરશે નોખા,
કર્મના લેખા-જોખા;
સમય સારો-નરસો,
કર્મ ફળનો જ અરીસો.

સમયનું સન્માન,
વધારશે જ્ઞાન અને માન;
સમયની સમજણ,
ઘટાડશે ઘણી પળોજણ.

ઝાઝું પરિવર્તન,
વર્તાય સમયના વર્તનમાં;
કોઈ અફસોસ કે અભિમાન,
ન કર તારા અંતર મનમાં.

- સી.એ. સૌરભ શાહ
મો. ૯૮૯૮૩ ૯૫૦૬૦

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

સ્વ. સોહાગિનીબહેન તથા સ્વ. નવનીતભાઈ બી. શાહ (દેત્રોજવાળા) ના જય શ્રી કૃષ્ણ.

# નિયતિ



કર્મ બંધનના ફળ પ્રમાણે
નિયતિ પાસા ફેંકતી ગઈ
અમે રમત રમતા રહ્યા
પાસા સીધા પડતા જોઈને
મનમાં પોરસાતા રહ્યા
ઊંધા પાસા પડ્યા ત્યારે
નિયતિને કોસતા રહ્યા
કર્મ બંધનના ફળ પ્રમાણે
નિયતિ ગીતો રચતી રહી
અને એ ગીતો ગાતા રહ્યા
મળી જ્યારે વાહવાહી
મનમાં પોરસાતા રહ્યા
થઈ જ્યારે ટીકા ટિપ્પણી
નિયતિને કોસતા રહ્યા
કર્મ બંધનના ફળ પ્રમાણે
નિયતિ જીંદગીને રાહ બતાવતી રહી
અમે એ રસ્તા પર ચાલતા રહ્યા
રહી જ્યાં સુધી સરળ સફર
મનમાં પોરસાતા રહ્યા
આવ્યો જ્યાં ઊબડખાબડ રસ્તો
નિયતિને કોસતા રહ્યા
નિયતિ, શું તારી નિયતિ આ જ છે ?

– ભારતી કશ્યપ, નાગપુર
મો.: ૯૯૨૩૪ ૩૩૬૪૩

દીપક કાંતિલાલ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. ઘનશ્યામલાલ કૃષ્ણલાલ પરીખ પરિવાર(કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

# હું છું શુભદાયી, ફળદાયી



હું છું શુભદાયી, ફળદાયી,
વિક્રમ સંવતના સાતમા મહિનાનો ત્રીજો દિવસ,
એટલે **વૈશાખ સુદ ત્રીજ** એ છે મારું સરનામું,
તમને ખબર છે,
વર્ષના ચાર શ્રેષ્ઠ વણજોયેલા મુહૂર્તના દિવસોમાં,
મારુ નામ ગજવું છું.

કોઈ માંગલિક કાર્ય કરવું હોય, કે ખરીદી કરવી હોય,
તો સૌ મારી કાગડોળે રાહ જુએ,
કારણ કે હું છું શુભદાયી, ફળદાયી,
અને અક્ષય તૃતીયા – અખાત્રિજ મારી પહેચાન છે.

આજે કોઈ સત્યનારાયણની કથા કરાવશે,
તો કોઈ દાન જપ તપ હવન કરશે,
તો કોઈ કંકોત્રીમાં મારું નામ ગર્વથી લખી,
સ્નેહીજનોને આમંત્રણ આપશે.

વેદવ્યાસજીએ મહાભારત ગ્રંથ લખવાની શરૂઆત,
ભગવાનને ચંદનના વાઘા શરૂ થશે,
બાંકેબિહારીના ચરણના દર્શન થશે,
ભગવાન પરશુરામનો જન્મ,
સતયુગ અને ત્રિતાયુગની શરૂઆત,
દ્વાપર યુગનો અંત,
આવા તો કેટલાય પ્રસંગો મારા ભાગ્યમાં છે,
એટલે જ તો હું છુ, શુભદાયી, ફળદાયી.

જે કોઈ મારું વ્રત કરશે,
તેના ભંડાર સદા ભર્યા રહેશે.

**– ડો. રાકેશ પરીખ, અમદાવાદ**
**મો. ૯૮૨૫૩ ૪૬૮૨૭**

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

સ્વ. ગોરધનદાસ કૃષ્ણલાલ પરીખ (કડી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# THE MOTHER



"The Mother" એ શ્રી અરવિંદનું નાનકડું 62 પાનાનું પુસ્તક છે. તેની પહેલી આવૃત્તિ સને 1928માં પ્રસિદ્ધ થઈ હતી.

પુસ્તક અંગ્રેજી ભાષામાં લખાયું છે. સુંદર, અતિસમૃદ્ધ અંગ્રેજી છે. દરેક શબ્દ યોગ્ય રીતે લખાયો છે. હૃદયમાંથી નીકળતી વાણી છે.

મને પુસ્તક ખૂબ ગમ્યું છે. હમણાં જ આપણે સૌ વાયડ જઈ આવ્યાં. શ્રી સમીરી કામદા દેવીના દર્શન કરી આવ્યાં. ત્યારે મને થયું કે આ પુસ્તકની નાનકડી નોંધ ગુજરાતી ભાષામાં તૈયાર કરું, જ્ઞાતિજનોને તે ગમશે. થોડાં શબ્દોમાં મેં પુસ્તકનો ભાવ પકડવા પ્રયત્ન કર્યો છે, જે નીચે પ્રમાણે છે :

* * * * *

ભય, દુઃખ અને તકલીફોથી પર જીવન જીવવા બે વસ્તુ જોઈએ – **"મા"ની અપાર કૃપા અને તમારી અંદર રહેલી શ્રદ્ધા, નિષ્ઠા અને સમર્પણ.**

તમારી શ્રદ્ધા શુદ્ધ, દઢ અને સંપૂર્ણ હોવી જોઈએ. જેટલી શ્રદ્ધા પૂર્ણ, જેટલી નિષ્ઠા વધારે, જેટલું સમર્પણ સંપૂર્ણ – "મા"ની કૃપા પણ તેટલી વધારે.

તમે જ્યારે અપેક્ષાઓ અને અહમ્‌થી પર થશો ત્યારે "મા"નું કાર્ય કરવાના સાધનરૂપ બની જશો. ત્યારે તમારી અને "મા"ની ઇચ્છા એક જ બની જશે. "મા"નો આનંદ તમારો આનંદ બની જશે. તમારી ચેતના, "મા"ની ચેતના સાથે ભળી જશે. તમારું દરેક કાર્ય પ્રકાશિત, દોષરહિત અને સરળ બની જશે.

* * * * *

"મા"ના ચાર સ્વરૂપ છે. "મા"તો એક જ છે, પરંતુ વિવિધ સ્વરૂપે દર્શન દે છે. એક છે–શાંત અને સૌમ્ય સ્વરૂપ. બીજું છે–આક્રમક અને શક્તિનું પ્રતિક. ત્રીજું છે–સૌંદર્ય અને સંવાદિતાનું સ્વરૂપ અને ચોથું છે–જ્ઞાન અને સર્વાંગ સંપૂર્ણ વહીવટનું પ્રતિક.

સ્વ. હેમંતભાઈ એચ. કાશીપારેખ પરિવારના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

મહેશ્વરી એ પહેલું સ્વરૂપ છે. તદ્દન સૌમ્ય અને શાંત. તેનામાં સમાઈ છે સઘળી ચીજો અને તે જાણે છે સમગ્ર બાબતો. તેનાથી કંઈ અજાણ્યું નથી. તે કોઈ પ્રત્યે પક્ષપાત દાખવતી નથી. તેની કરૂણાનો કોઈ પાર નથી.

મહાકાળી બીજું સ્વરૂપ છે. વિશાળતા નહીં, પરંતુ ઊંચાઈ, ડહાપણ નહીં પણ તાકાત તેનું લક્ષણ છે. તેને ખોટું ન ગમે, નબળું ન ગમે. તેથી તે શૂરવીરોની માતા છે. ખોટું કરનારને તો એ માથામાં જ ઘા મારે. પણ, એનું એ રૂદ્ર રૂપ નબળાં કાર્યો કરનાર માટે છે, આખરે તો તે “મા” જ છે. સારું જીવો તો તેની કૃપા અપાર છે.

મહાલક્ષ્મીએ ત્રીજું સ્વરૂપ છે. જેમાં છે મીઠાશ અને માધુર્ય. દરેક તેનાથી આકર્ષાઈને તેની પાસે જાય છે. તે દરેકને આવકારે છે. પરંતુ તેની કૃપા પામવા માટે પ્રેમાળ અને નિ:સ્વાર્થ બનવું પડશે. જ્યાં ઘૃણા અને તિરસ્કાર હશે, કડવાશ અને દુશ્મનાવટ હશે, દગો અને ઉપકારભાવનાનો અભાવ હશે – ત્યાં તે પ્રસન્નતા નહીં પાથરે.

મહાસરસ્વતી એ ચોથું સ્વરૂપ છે અને તેઓ સંપૂર્ણ સારા કર્મના પ્રતિકરૂપે છે.

મહેશ્વરી દુનિયાના કાર્યોનું નિર્દેશન કરે, મહાકાળી તેમાં શક્તિ અને પ્રાણ પુરે, મહાલક્ષ્મી તેમાં માધુર્ય ઉમેરે અને મહાસરસ્વતી તેમાં લય અને તાલબદ્ધતા લાવે. સંપૂર્ણતાથી જરા પણ ઓછું એને ના ખપે.

શ્રી અરવિંદનો સંદેશ નીચે પ્રમાણે છે – “તમારે તમારું જીવન બદલવું હોય તો “મા”ના ચાર સ્વરૂપોને ઓળખો. તમારી જાતને “મા”ના ચરણોમાં સમર્પિત કરો. “મા”ના ગુણોને જાણો. Wisdom, light, Force, Harmony, Beauty અને Perfectionને પ્રાપ્ત કરો. “મા”ને તમારી દુન્યવી માન્યતાઓથી મૂલવવાની ભૂલ કરશો નહીં. તમારા હૃદયને ખુલ્લું મુકી દો. તમારા આત્માના અવાજને અનુસરો. સત્યના માર્ગે આગળ વધો. દિવ્ય શક્તિનો અનુભવ કરો અને જીવનના પરમ આનંદને પ્રાપ્ત કરો.”

– શરદભાઈ શાહ, મહેસાણા
ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર, મો. ૯૪૨૯૭ ૩૬૭૬૫

સ્વ. હરીશભાઈ રસીકલાલ પરીખ (ભરૂચ) પરિવારનાં જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# જીવનમાં સંગીતનું મહત્વ



મનુષ્યના જન્મથી માંડીને મૃત્યુ સુધીની દરેક પળ સંગીત સાથે જોડાયેલી છે. જે માણસ ન જોડાયેલો હોય તે અનાયાસે પણ જોડાયેલો જ છે. કેમ કે પ્રત્યેક બાળકનું હસવુ, રડવુ, ચીસો મારવી વિગેરેમાં સંગીતના સૂર છુપાયેલા જ છે. તેમનું ચાલવું, કૂદવું, દોડવું વિગેરેમાં તાલ છૂપાયેલો છે અને માનવીના હૃદયના ધબકારામાં લય છૂપાયેલો છે. સંગીત વિના માનવજીવન શક્ય નથી.

જીવનના દરેક તબક્કે સંગીત આપણા સાચા મિત્રની જેમ હોય છે. જે માણસ સંગીત શીખે છે તે અભ્યાસ કરીને પ્રતિષ્ઠિત ગાયક, વાદક અને નૃત્યકાર બન્યાં છે. જ્યારે માણસ ખૂબ ખુશ હોય છે ત્યારે અનાયાસે જ તે સંગીતના સૂર રેલાવા લાગે છે, નૃત્ય પણ કરે છે અને જ્યારે દુઃખી હોય ત્યારે પણ સંગીતનો જ સહારો લઈ દુઃખને હળવુ કરવાનો પ્રયત્ન કરે છે.

બાળકોને સુવાડતી વખતે ગવાતા હાલરડા, પનિહારીઓના પાણી ભરતી વખતે ગવાતા ગીતો, સ્નાન કરતી વખતે ગવાતા ગીતો, ખેતરોમાં-શેરીઓમાં ગવાતા ગીતો, હોળી, જન્માષ્ટમી વગેરે તહેવારોમાં ગવાતા ગીતો, યુધ્ધના ક્ષેત્રે નૌજવાનોને આત્મવિશ્વાસ વધારવા માટે ગવાતા ગીતો, રમતગમતના ક્ષેત્રે ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે ગવાતા ગીતો સૂચવે છે કે સંગીત એ માનવજીવનનો મહત્ત્વનો હિસ્સો છે.

સરકારશ્રી દ્વારા બાળકોને શાળાનાં ૧ થી ૮ સુધી સંગીતનો વિષય ફરજીયાત કરવામાં આવ્યો છે. દિવસ દરમ્યાન તેઓને ૭ થી ૮ વિષય ભણવાના હોય છે. જેથી બાળકો માનસિક વ્યગ્રતા અનુભવે છે. આથી સંગીતના એક વિષય દ્વારા બાળકોનું મન પ્રફુલ્લીત રહે છે. બાળકો માનસિક તનાવથી મુક્ત રહે છે. તોફાની બાળક શાંત થાય છે. બાળકામાં સુસંસ્કારોનું સિંચન થાય છે. યાદશક્તિ વધે છે. ખાસ કરીને શાસ્ત્રીય સંગીત ખૂબ મદદરૂપ થઈ પડે છે. જે દ્વારા આપણે જુદા જુદા રાગોની માહિતી મેળવી શકીએ છીએ. લોકસંગીત દ્વારા આપણે જે તે પ્રદેશના રીતરિવાજ, રહેણીકરણી વિગેરેની માહિતી મેળવી શકીએ. ભજન દ્વારા આપણાં ભક્તિભાવ કેળવાય છે.

'દૃષ્ટિ આઈ ક્લિનિક' - ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

વૈજ્ઞાનિક રીતે પુરવાર થયું છે કે સંગીતમય વાતાવરણમાં ગાયો દૂધ વધુ આપે છે. વૃક્ષોનો ઉછેર પણ સંગીતમય વાતાવરણમાં વધુ થાય છે. સંગીત સ્વાસ્થય માટે પણ ખૂબ લાભકારક છે. આજના આ તણાવભરેલા સમયમાં સંગીત દ્વારા લોહીનું દબાણ નીચુ રહે છે અને નિદ્રા પણ સરસ આવે છે.

એવું કહેવામાં આવે છે કે હનુમાનજી સૂર્યદેવતા પાસેથી સંગીત શીખ્યા અને સંગીતના સર્જક શિવજીને માનવામાં આવે છે.

મારું એવું માનવું છે કે દરેક વ્યક્તિ સંગીતનું જ્ઞાન મેળવે એ ખૂબ મહત્વનું છે જેનાથી માનસિક તનાવથી મુક્તિ મળે છે. હું પોતે શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કરી રહી છું. વિશારદના સાત લેવલ હોય છે. જેમાંથી મે પાંચ લેવલ ખૂબ સારી રીતે પાસ કર્યા છે. હાલમાં હું છઠ્ઠા લેવલનો અભ્યાસ કરી રહી છું અને ખરેખર મને શાસ્ત્રીય સંગીત શીખવામાં ખૂબ જ આનંદ આવે છે. સાહિત્ય, સંગીત અને કલા વગરનો મનુષ્ય પૂંછડી વગરના પશુ સમાન છે. આપણે સૌ એ સંગીત શીખવામાં વિશેષ રસ લઈ જીવનને આનંદસભર બનાવવુ જોઈએ.

– **હેમાક્ષી પરીખ, વડોદરા**

**મો. ૯૭૨૪૨ ૪૨૬૨૭**

## ચાલ, પેલે પાર (ગીત)

શબ્દથી કૈં છેક કૂણી લાગણી થઈ વહીયે,
ભાવની અકબંધ ભીની કામિની થઈ વહીયે ! (૧)
યાદની સ્વરબધ્ધ સરગમ આંખથી વરસી રહે,
મૌન રહી કૈં ભીતરે અર્ધાંગિની થઈ વહીયે ! (૨)
આપણે બંને પ્રણયનાં પુલ પર શોભી રહ્યાં,
અર્થ એનો એ જ કે રસરાગિણી થઈ વહીયે ! (૩)
આપણાં બેબાક મન ઝંખે સદા આતુર થઈ,
ચાલ, પેલે પાર કોમળ ચાંદની થઈ વહીયે ! (૪)

– **ઉપેન્દ્ર શેઠ – "શકુંત"**

## આત્મહત્યા



### આત્મહત્યા અંતિમ નિરાકરણ નથી.

આજે દરેક વિદ્યાર્થી શ્રેષ્ઠ કરવાની ઈચ્છા રાખે છે. આજે વિદ્યાર્થી પર સફળ થવાનું દબાણ પરિવાર, દોસ્તો અને સમાજ તરફથી જાણે અજાણે થાય છે. બાળકોની આત્મહત્યા કરવાનું મૂળ કારણ અથવા તેનું જવાબદાર કોઈ એક જ કારણ નથી. ઘરથી લઈને સ્કૂલ અને સમાજ આ બધા જવાબદાર છે. જો બાળક ભણવામાં હોશિંયાર હોય તો તેની ક્ષમતા કરતાં વધુ અપેક્ષા વાલી રાખે છે. પરિવારની આ અપેક્ષા પર ખરા ઉતરવા માટે વિદ્યાર્થી પૂરેપૂરી કોશિશ કરી મહેનત કરે છે. છતાં પરિણામ તેની અપેક્ષા મુજબ ન આવે તો પરિવારની ભાવનાઓ માટે પોતે નિષ્ફળ છે એવું માની આત્મહત્યા કરી લે છે.

### આત્મહત્યા માટે કોણ જવાબદાર કોણ છે?
### સમાજ, પરિવાર કે પછી મહત્ત્વકાંક્ષા અથવા વાલીની વધુ અપેક્ષા !

- અલબત્ત આત્મહત્યા માટે એક કારણ નહી અનેક કારણો છે. વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસની ઊણપને કારણે તેઓ ક્યારેય પોતાના પર વિશ્વાસ નથી કરી શકતા કે તેનામાં ઘણી ક્ષમતા છે.
- પોતાની યોગ્યતાથી અજાણ આવાં વિદ્યાર્થીઓ સક્ષમ હોવા છતાં નાસીપાસ થઈ જાય છે.
- કેટલીક વાર એવું જોવા મળે છે કે પરીક્ષાની પહેલાં કે પરિણામ આવવાના એક–બે દિવસ પહેલાં જ આત્મહત્યા કરી લે છે.
- આજની પરિસ્થિતીમાં દરેક વિદ્યાર્થીને માનસિક સબળ કરવાની જરૂર છે.

### માં–બાપની વધુ પડતી અપેક્ષાઓ અને સતત રોકટોકની અસર

- પરીક્ષાનો મોટો હાઉ વિદ્યાર્થીને બોર્ડની પરીક્ષા માટેનો ભય સતાવે છે. જેથી તેઓ માનસિક રીતે તૈયાર થઈ શકતા નથી. આખા વર્ષ દરમિયાન સારું પરિણામ લાવવા

છતાં બોર્ડની પરીક્ષામાં બેસવા માટે ડરે છે. આ દરમિયાન કેટલીક વાર એવી ઘટનાઓ બને છે કે પરીક્ષા શરૂ થતાંની પહેલાં જ બાળક આત્મહત્યા કરી લે છે.

– મોટે ભાગે માં–બાપને પોતાના બાળકની બીજા સાથે સરખામણી કરવાની ટેવ હોય છે. જેથી બાળક પર દબાણ આવે છે. બાળક જ્યારે આવી સરખામણીમાં પોતાને નિષ્ફળ સમજે છે ત્યારે તે ખોટો માર્ગ પસંદ કરવા મજબૂર બને છે.

## વાલીઓએ બાળકોનેની દરેક બાબતનો ખ્યાલ રાખવો જોઈએ

– મારા અનુભવ મુજબ પહેલાં કરતાં આજનો વિદ્યાર્થી નાની નાની વાત પર બહુ જલદી પરેશાન થઈ જાય છે. આથી વાલીઓએ તેની દરેક બાબત અને જરૂરિયાત વિશે ખ્યાલ આપવો જોઈએ.

– તેને મનગમતું ક્ષેત્ર પસંદ કરવાની તક આપો.

– વિદ્યાર્થી ઓછી ક્ષમતા ધરાવતું હોય પણ તેની ઉપર એટલું દબાણ આવે છે કે વિદ્યાર્થી આત્મહત્યાનું પગલું ભરે છે. આ માટે વાલીએ શાળાના શિક્ષકોના સંપર્કમાં રહેવું જરૂરી છે.

– વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન ન મળવાને કારણે તે દિગ્મૂઢ બની હતાશ થઈ આત્મહત્યાનો નિર્ણય લે છે. મોટે ભાગે બાળકો નાપાસ થવાના ડરથી આત્મહત્યાનું પગલું ભરે છે.

– માબાપે બાળકોને ખરા સમયે સાચી સલાહ અને સહયોગ આપવો. જીવનની સારી–નરસી બાબતોની જાણકારી અને તેને સ્વીકારવાની આદત બાળકોને સમજાવવી જોઈએ. વાલીએ બાળકોના મિત્ર બનવું બહુ જરૂરી છે.

## આત્મહત્યા રોકવા માટે આટલું જરૂર ધ્યાન રાખીએ

– વિદ્યાર્થી સાથે એક મિત્રની જેમ હંમેશાં વાતચીત કરો.

– પરીક્ષા શરૂ થતાં પહેલાં ભણવાની યોગ્ય પદ્ધતિ વિશે સમજાવો.

– વાલી અને શિક્ષકોએ બાળકની કાબેલિયતને સમજી વર્તન કરવું જોઈએ.

– વિદ્યાર્થી અંદર આત્મવિશ્વાસની ભાવના દૃઢ બનાવો.

– તેની પસંદગીના કાર્ય માટે પ્રોત્સાહિત કરો.

– તેના ખાસ મિત્રો સાથે મળવાનું રાખો.

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

- તેની દરેક બાબત પર ખાસ ધ્યાન રાખો.
- તેના માટે દર રોજ અમુક સમય કાઢો.
- શિક્ષણ–અભ્યાસ વિશે નિયમિત જાણકારી રાખો.
- ભૂલથી પણ બાળકની સરખામણી અન્યો સાથે ન કરો.
- તેને અભ્યાસ અને અન્ય ચીજો સાથે સંતુલન કરતા શીખવો.
- તેને હંમેશાં પ્રોત્સાહિત કરો. સકારાત્મક રીતે સમજાવો.

– આચાર્ય પરેશ શાહ, વડોદરા
મો. ૯૨૨૭૧ ૦૪૮૯૬

## Revised Advertisement rates

### Diwali issue

1) Single colour full page rs. 650/-
2) Single colour half page rs 350/-
3) Multicolour page no. 2 & 3 rs. 2000/-
4) Multicolour page no. 4 rs 3000/-
5) Multicolour inner page rs 1500/-

### Regular issue

1) Full page rs 400.00(single colour) including Shradhhanjali
2) Half page rs 200.00
3) Cover page no. 2 & 3 (multicolour) Rs.10000 for 10 issues except Diwali issue.
4) Cover page no. 4
   RS. 15000.00 (multicolour) for 10 issues except Diwali issue.
6) Matrimonial ad. - FREE (limited space)
8) Penal advt Rs. 800 per year. (April to March)
9) Address Change Rs.200
10) Multi color Rs.1000 per page (min. 4 pages required)

You can pay online as per details given on page 3 of v.m. and send details to Harsh Parikh, Vyavasthapak.

**- Editor**

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## ખંડકાવ્ય, પ્રણયની રાહે



ખૂબ જ અલ્પ પ્રમાણમાં ખેડાણ થતો કાવ્યપ્રકાર એટલે ખંડકાવ્ય....

પ્રમાણમાં આ અઘરો કાવ્ય પ્રકાર છે કારણ કે તેના દરેક બંધ અલગ અલગ છંદમાં રચવામાં આવે છે. ( ઉદાહરણ તરીકે : ગ્રામ માતા કવિ કલાપી )

આશા છે આપને સૌને ગમશે... વ્યક્તિગત પ્રતિભાવ ( ૯૮૭૯૫ ૦૩૩૬૨ ) ઉપર વોટ્સએપ પર મોકલાવી શકો છો.. અથવા આ કવિતા અથવા છંદ વિશે વધુ માહિતી મેળવી શકશો.

**ખંડકાવ્ય, પ્રણયની રાહે.....**

અનુષ્ટુપ

દિશાઓ વ્યસ્ત છે કેવી, શોધવા ચાહતી તને,
જુદાઈ છે હવે વેરી, રૂતુ એવું કહે મને
ચાલે છે ચરણો મારા , યંત્રવત બધું ખરૂં
ખયાલો આવતાં તારાં, આંખોનાં છળથી ડરું.

સ્ત્રગ્ધરા

આંસુ કેવાં વહેતાં, ખળખળ જળને, પાંપણે માન આપી,
દા’ડા દુઃખે રહેતા, પળપળ સ્થળનાં, આંગણે શાત પામી.
શેનાં લીધે ઉડે છે, અટકળ બદલી, સાખવી આ પ્રણાલી,
વારે વારે ધરો છો, ભર જળ મટકી, લાગતી જેમ કાણી.
આંધી આભે ઉડાડે, પવન સભર એ , સામટાં કેમ સ્વપ્નો,
બાંધે સૌને અતાગે, પલક ઝપકમાં, બંધ હો જેમ નૈનો.
ભાળે ક્યાંથી જવલ્લે ખબર નજરને , શક્યતા ચાહવાની,
શાને લાગે બહાના લખાશે પ્રણય સનદમાં ભવ્યતા વાંચવાની.

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

શાર્દૂલવિક્રીડિત

કેવા ઢાળ મળે મને સતત આ, કેમે કરી પ્હોંચવું,
એનું નામ હશે કદાચ અઘરૂં,જાતે ચઢી ખેડવું,
આવી સંધિ સમી ઘડી સમયની, તે મંથનો પૂછતાં,
મારા પૂર્ણ થતાં જતાં કથન તો,બંધો થકી છૂટતાં.
જેનાં હાલ મળે કહે સ્મરણને,પોતે થજો સારથી,
કેવાં જાણતલો મળે મરણને,રાખે વ્યથા જાગતી.
સંજોગો ધબકી રહ્યાં હૃદયનાં,વાણી થકી બોલતાં,
વિશ્વાસે શર તાકિયું ચરણમાં,જાણી કરી રોકતાં.

મંદાક્રાન્તા

કેવો આજે સજળ ઘરમાં આંખનો ત્યાંય પ્હેરો,
લાગે મિથ્યા દિન શિથિલ એ ભાળશું આ ચહેરો?
તંદ્રા નિદ્રા અલગ સમયે આવતી જે મળેલી,
વાતો પાછી ગડમથલમાં છૂટતી જે કહેલી.

શિખરિણી

સહારો છે ભાળ્યો, સઢ અનિલ સાથે ફરકતાં,
ઉઠે છોળો એવી જલધી ભર કાંઠે ઉભરતાં
દીને આભે જોયાં ખગ કવન ગાતાં વિહરતાં
છતાં ના હો તૃપ્તિ યુગ સમય સાથે પ્રસરતા

મંદાક્રાન્તા

જાવુ પાછુ અલગ થઈને આવશુ લક્ષ સાધી
કેવુ તેનુ મુખ ઉગમણું નિશ્ચયો છોડ ત્યાંથી,
સાથે હૈયા ઉભય સપના આવતાં જે સજોડે,
કોની હોવી સમજ સરખી પાછલી સૌ વખોડે

શિખરિણી

યથા સાનિધ્યે આ અવધી પણ ભાળે મધુરતાં,
હવે આવે ધીમે રજની સુણવાને બધીરતાં

– હરીશ શાહ, વડોદરા, મો. ૯૮૭૯૫ ૦૩૩૬૨
તંત્રી, Vayconnect   ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# વાયડા વણિક જ્ઞાતિની ઓળખ



જ્ઞાતિ એટલે શું ? વિવિધ સામાજિક જૂથમાં વહેંચાયેલો નાનો સમૂહ એટલે જ્ઞાતિ. જ્ઞાતિ એ માત્ર સામાજિક જ નહીં, સાંસ્કૃતિક જૂથ પણ છે. દરેક જ્ઞાતિએ પોતાનું સામાજિક માળખું વિકસાવ્યું છે. પ્રખ્યાત માનસશાસ્ત્રી રિસ્લી કહે છે – જ્ઞાતિ એટલે કેટલાક કુટુંબોના જૂથોનો સમૂહ, જે માનવ કે દૈવી એવા કોઈ પૌરાણિક પૂર્વમાંથી ઉતરી આવ્યો છે. જ્ઞાતિ માટે અંગ્રેજીમાં વપરાતો CASTE શબ્દ પોર્ટુગીઝ 'કાસ્ટા' પરથી ઉતરી આવ્યો છે. દા.ત. હોમમ્ ડી કાસ્ટા એટલે સારા કુટુંબનો માણસ. આપણે વાસ્કો ડી ગામાથી પરિચિત છીએ.

દરેક જ્ઞાતિને પોતાનું સામાજિક માળખું હોય છે, પોતાના નિયમો હોય છે. જ્ઞાતિનું સભ્યપદ અવિવાદિતરૂપે અને ફેરફારવિહીન સત્ય છે. એટલે સુધી કે સ્ટેટસ (હોદ્દો), ધંધો, અભ્યાસ, ધન વગેરે પરિબળોથી પણ તેમાં પરિવર્તન આવતું નથી. દરેક જ્ઞાતિની જીવનવ્યવહારની રીતિ અન્ય જ્ઞાતિ કરતાં અલગ હોય છે.

આપણે વણિક જ્ઞાતિના છે. તેને 'વાણિયા'(બનિયા) પણ કહેવામાં આવે છે. વાણિયા શબ્દ સંસ્કૃત 'વનિજ' પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ થાય 'વેપારી'. તે હિન્દુસ્તાનની મુખ્યત્વે વેપાર – ધંધા સાથે જોડાયેલી પ્રજા છે. સામાન્ય રીતે તેઓ બેન્કર, પૈસા ધીરનાર (શ્રોફ), શાહુકાર, દુકાનદાર અથવા વેપારી હોય છે. બનિયા જ્ઞાતિ આશરે પાંચ હજાર વર્ષ જૂની છે તેમ માનવામાં આવે છે. તેઓ હિન્દુસ્તાનના પશ્ચિમ ભાગ – ગુજરાત અને મહારાષ્ટ્ર તેમજ ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં વધુ સ્થિત છે. વેપારી જ્ઞાતિઓ માટે પણ તે વપરાય છે.

વણિક જ્ઞાતિ ચાતુર્વણ્ય પ્રથામાં ત્રીજા નંબરે આવે છે. બ્રાહ્મણ અને ક્ષત્રિય પછી તેનો નંબર છે. ચોથા શુદ્ર છે. હરિયાણાના મહારાજા અગ્રસેને (અથવા ઉગરસેન) આ જ્ઞાતિને ૧૮ વંશોમાં વિભાજીત કરી હતી. જેમાં અગ્રવાલ, ગુપ્તા, લાલા, શેઠ, વૈશ્ય, મહાજન, શાહુ અને શાહુકારનો સમાવેશ થાય છે. તેના છ પેટાવિભાગો છે. જેમાં દશા, વિશા, અગ્રવાલ, સરાલિયા, સરાઓગી અને ઓસવાલનો સમાવેશ થાય છે.

જ્ઞાતિજનોને જાણીને નવાઈ લાગશે કે હિન્દુસ્તાનના અમુક પ્રાંતમાં પાંચા (૫) અને

અઢીયા (૨.૫)નું અસ્તિત્વ પણ છે પણ તેઓ વિશા (૨૦) અને દશા (૧૦) કરતાં ઘણી ઓછી સંખ્યામાં છે. હિન્દુસ્તાનમાં વાણિયાની વસ્તી ૬.૫ કરોડ છે. એટલે કુલ હિન્દુ વસ્તીના સાત ટકા જેટલી છે.

ઋગ્વેદમાં જણાવ્યા પ્રમાણે પરમાત્માના મુખમાંથી બ્રાહ્મણ, હાથમાંથી ક્ષત્રિય, જાંઘમાંથી વૈશ્ય અને પગમાંથી શુદ્રનો જન્મ થયો છે. આ કોઈ જાતિ નથી, શ્રમ વિભાજન છે.

વૈષ્ણવ એટલે દેવાધિદેવ વિષ્ણુ (તેમનું સ્વરૂપ – કૃષ્ણ)ની ઉપાસના કરનાર એક હિન્દુ સંપ્રદાય. તેના પેટા વિભાગ પ્રમાણે આપણી જ્ઞાતિ વાયડા વૈષ્ણવ વણિક કહેવામાં આવે છે. દરેક જ્ઞાતિ પોતાના કુળદેવી, કુળદેવતા અથવા ધર્મના આસ્થાના પ્રતીક સાથે સંબંધિત છે. સમાજના એક ઘટક તરીકે પેટા જ્ઞાતિની રચના થયેલી છે. એક નાનો સમૂહ જે એક ચોક્કસ દૈવી સ્વરૂપમાં માને છે. આપણી કુળદેવી સમીરી કામદાદેવી ઈચ્છિત ફળ આપનાર. વાયડ માતાજી છે અને કુળદેવતા અત્યંત બળવાન વાયુદેવતાજી છે.

આપણી સાથે વાયડા પંચાલોની કુળદેવી પણ વાયડ માતાજી છે. તેઓ પણ પરંપરાથી વાયડ માતાજીની ઉપાસના – હોમ, હવન અને ધાર્મિક વિધિ કરે છે. પંચાલ એટલે પાંચ કારીગર જ્ઞાતિઓ – સુથાર, કડિયા, સોની, કંસારા અને લુહાર – નો સમૂહ છે.

દરેક જ્ઞાતિને પોતાની ચોક્કસ બોલી(ભાષા), ધર્મ, લોકમાન્યતા કે લોકકથા કે લોકસાહિત્ય, ધાર્મિક વિધિ કે સંસ્કાર, જીવનરીતિ, કૌટુંબિક જીવન, પારસ્પરિક સંબંધો, સામાજિક પ્રશ્નો અને જાતિગત પ્રશ્નો હોય છે. તેમના કપડાં, ખોરાક, અભ્યાસ, કાર્ય, વિવિધ રમતો, મનોરંજન, શોખ અને લક્ષણો અલગ અલગ હોય છે.

આ લખનાર ચાલીસ વર્ષોથી ઘનિષ્ટ રીતે જ્ઞાતિ સાથે સંકળાયેલા છે. જ્ઞાતિના અલગ અલગ ઘટકોનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ (Observation) અને ઊંડા અભ્યાસ (Study)ને અંતે આપણી જ્ઞાતિના કેટલાક લક્ષણો તારવ્યા છે. આ લખનારે અન્ય જ્ઞાતિઓનો પણ અભ્યાસ કર્યો છે. આ નિરીક્ષણો વ્યક્તિગત છે. આ તારણો છેવટના છે એવો કોઈ દાવો નથી. સત્ય અલગ પણ હોઈ શકે છે પણ મહદ્અંશે તે સાચા છે તેવું પ્રતીત થાય છે. મહેરબાની કરીને કોઈએ બંધબેસતી પાઘડી પહેરી લેવી નહીં.

(૧) વાયડા વણિક જ્ઞાતિનું બ્લડગ્રુપ મુખ્યત્વે B+ છે. પુરુષોમાં A અને સ્ત્રીઓમાં B ગ્રુપ વધુ જોવા મળે છે. મુંબઈમાં મિશ્ર બ્લડગ્રુપ જોવા મળે છે. જયારે કચ્છમાં O ગ્રુપ વધુ જોવા મળે છે. (સ્તોત્ર : જ્ઞાતિ વસતી પત્રક – ૨૦૧૩)

અમર નૈમિષકુમાર પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

(૨) દેખાવ – ઘઉં વર્ણી પ્રજા, દાઢી ગળા સાથે જોડાયેલી – હનુમાનજી જેવી.

(૨૩) આગળના બે દાંત વધુ મોટા અને બહાર હોય, દાંતની ગોઠવણી વાંકીચૂંકી હોય, બ્રાહ્મણોમાં દાંત સરસ જોવા મળે છે.

(૩) ગણિત મુખ્ય વિષય – ગણિતમાં હોંશિયાર – ગણત્રી આંગળીના ટેરવે હોય.

(૪) ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઓછું છે. અન્ય જ્ઞાતિઓની સરખામણીમાં અભ્યાસ સામાન્ય. અલગ ટ્રેન્ડનું પ્રમાણ પણ ઓછું જોવા મળે.

(૫) જૂના જમાનામાં શરાફ મુખ્ય ધંધો હતો. તે સમયે વેપારી પ્રજા વધુ હતી. હાલમાં નોકરીનું પ્રમાણ વધારે છે. એન્જિનિયર, ડૉક્ટર, એડવોકેટ, સ્ટોકબ્રોકર, દુકાનદારી – મુખ્ય વ્યવસાય છે.

(૬) આર્થિક રીતે મધ્યમ.

(૭) દંભ અને ઈર્ષ્યા વધુ જોવા મળે. અન્યનું કે મિત્રનું પણ સારુ જોઈ ન શકે.

(૮) અન્યની મદદ માટે તૈયાર. કો–ઓપરેટીવ.

(૯) ભીરૂ પ્રજા એટલે સંગઠિત. ધર્મભીરૂ પણ ખરી. જે જ્ઞાતિના કુળદેવતા પ્રચંડ બળવાન છે તેની પ્રજા બળહીન હોય તે નવાઈ લાગે તેમ છે.

(૧૦) ખોરાક (ભોજન) પ્રત્યે અભિરૂચિ વધુ, મધુર રસ અતિ પ્રિય. તીખું ઓછુ ભાવે, દૂધની આઈટમ વધુ પ્રિય. દા.ત. દૂધપાક / બાસુંદી / શ્રીખંડ વગેરે.

(૧૧) મોજશોખ મધ્યમ, જ્ઞાતિના મેળાવડામાં મોજ માણે.

(૧૨) મુખ્ય રોગ – ડાયાબીટીસ અને સંધિવા. ત્યાર બાદ હાઈબ્લડ પ્રેશર, થાઈરોઈડ અને કીડનીના રોગ જોવા મળે છે. દવાઓની આડઅસર વધુ જોવા મળે.

(૧૩) વજન જરૂર કરતા વધારે. સ્થૂળતા, પેટ મોટું જોવા મળે.

(૧૪) ચશ્માનું પ્રમાણ વધારે. આંખો નબળી, લેન્સ પહેરવાને કારણે ખ્યાલ ન આવે.

(૧૫) જ્ઞાતિ પ્રમાણમાં નાની હોવાથી એકબીજાનો રૂબરૂ સંપર્ક વધુ છે.

(૧૬) જ્ઞાતિના બે ભાગ : ૧.) દશા : બોલકી પ્રજા, ઉતાવળી, આગળ રહેવામાં માને, વિશા કરતા પ્રમાણ ડબલ. ૨.)વિશા : શાંત પ્રજા, ઓછું બોલે, ધીર ગંભીર, પાછળ રહેવામાં માને, દશા કરતા પ્રમાણ અડધું.

(૧૭) દશા પુરુષનું લગ્ન, દશા સ્રી સાથે થયું હોય કે વિશા પુરુષનું લગ્ન વિશા સ્રી સાથે થયું હોય તો શુદ્ધ લક્ષણો જોવા મળે. ક્રોસ લગ્નમાં મિશ્ર લક્ષણો જોવા મળે. દા.ત. ચહેરો (FACE), સ્થળ – કાળ પ્રમાણે પણ લક્ષણો બદલાતાં જોવા મળે.

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

(૧૮) કોઈ પણ વિષય પર તરત જ (On the Spot) રજૂઆત કરે. વક્તા તરીકે ઉત્તમ પણ વિવાદી સ્વભાવ.

(૧૯) કટુ વાણી અને અપ્રિય સત્ય, ભાષા મીઠાશવાળી ઓછી જોવા મળે. સ્પષ્ટવક્તા.

(૨૦) સ્ત્રીઓ પર Focus વધારે જોવા મળે. ઘરની દુનિયાની અધિપતિ સ્ત્રી હોય.

(૨૧) જાહેર જીવનમાં યશ, કીર્તિ, પ્રતિષ્ઠા મેળવે.

(૨૨) અનિર્ણાયક, ચર્ચા વધુ કરે, શબ્દ ભંડોળ વધુ.

(૨૪) સ્પોર્ટ્સ (રમત) પ્રત્યે ઝાઝું આકર્ષણ નહીં. આર્ટ્સ અને ક્રાફ્ટ્સમાં પણ રૂચિ જોવા મળે નહીં.

(૨૫) સાલસ સ્વભાવ, દેખાડો નહીં, સંપત્તિનું પ્રદર્શન નહીં.

(૨૬) જૂના જમાનામાં અખાડીઅન / પહેલવાન જોવા મળતાં. વેપારી, બેંકર, શરાફ તરીકે કામ કરતાં એટલે શ્રોફ, બેંકર, શેઠ જેવી વિશિષ્ટ અટકો જોવા મલતી. આજે પણ આપણી જ્ઞાતિમાં ચોક્સી, ગાંધી, ઘીયા, કિનખાબવાળા, ઝવેરી, તોલાટ, નગરશેઠ, જરીવાલા, બનાતવાલા, ગંભીરવાળા, મારફતિયા, હાટડીયા, પટણી, લાકડાવાળા જેવી અટકો જોવા મળે છે.

(૨૭) કોરોનાના સમયમાં આપણી જ્ઞાતિમાં Casulty ઓછી થઈ. એક અંદાજ પ્રમાણે અન્ય જ્ઞાતિઓ કરતાં કોરોનાનું સંક્રમણ પ્રમાણમાં ઓછું રહ્યું. કોરોનામાં માત્ર એક જ વાયુ પ્રાણવાયુ (Oxygen) વગર આખી દુનિયા હેરાન થઈ. આપણા કુળદેવતા જ વાયુ છે અને આપણી પાસે ૪૯ વાયુઓ છે. એટલે ભારે સંક્રમણ (ન્યુમોનિયા / વાઈરસ ફેફસામાં જતો રહેવો ) છતાં મૃત્યુનું પ્રમાણ ઓછું રહ્યું.

(લક્ષણોની પૂરક માહિતી : ડો. હેમંતકુમાર વૈદ્ય)

આજે ઘણા લોકો ફેશનમાં કહે છે. – અમે તો જ્ઞાતિમાં માનતા જ નથી પણ જ્ઞાતિ તરફથી મળતા લાભો સ્વીકારે છે. જ્ઞાતિથી કપાઈને માણસ પોતાનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ બંને ગુમાવી દે છે. આપણી જ્ઞાતિ પ્રગતિશીલ છે, આધુનિક છે. આપણે સૌ આ જ્ઞાતિનો હિસ્સો છે તેનું ગૌરવ હોવું જ જોઈએ.

મને છે. તમને છે ?

– હિમાંશુ શાહ, પૂર્વ તંત્રી–વાયડામિત્ર
મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

# Kaizen



**What it means?**

KAIZEN is a Japanese word meaning gradual and orderly, continuous improvement. The KAIZEN business strategy involves everyone in an organization working together to make improvements 'without large capital investments'. KAIZEN is a culture of sustained continuous improvement focusing on eliminating waste in all systems and processes of an organization. The KAIZEN strategy begins and ends with people. With KAIZEN, an involved leadership guides people to continuously improve their ability to meet expectations of high quality, low cost, and on-time delivery. KAIZEN transforms companies into 'Superior Global Competitors'.

**Two Elements of KAIZEN**

There are two elements that construct KAIZEN, improvement/ change for the better and ongoing/continuity. Lacking one of those elements would not be considered KAIZEN. For instance, the expression of "business as usual" contains the element of continuity without improvement. On the other hand, the expression of "breakthrough" contains the element of change or improvement without continuity. KAIZEN should contain both elements.

**KAIZEN Concept in Our Individual Life**

KAIZEN, as you could learn from the definition, is a common word and very natural to individual, continuous improvement in personal life, home life, social life and working life. Everybody deserves to and should be willing to improve himself/herself for the better continually.

"If a man has not been seen for three days, his friends should take a good look at him to see what changes have befallen him" quoted from the old Japanese saying, describes how natural KAIZEN is.




**Maintenance, Innovation, and KAIZEN**

In our concepts, three functions should happen simultaneously within any organizations: Maintenance, Innovation, and KAIZEN. By maintenance, we refer to maintaining the current status, the procedures are set and the standards are implemented. People in the lower level of organization mostly do that, they maintain their standards. By Innovation, we refer to breakthrough activities initiated by top management, buying new machines, new equipment, developing new markets, directing R&D, change of strategy etc.
In the middle there is KAIZEN, small steps but continuing improvement. KAIZEN should be implemented by the lower/middle management and the workers, with the encouragement and direction of the top. The top management responsibility is to cultivate a KAIZEN working

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

climates and cultures in the organization.

**KAIZEN Attitude**

The kaizen attitude makes our firm so adept at exploiting new technology, even when we are not its originator. Kaizen-driven firms do not suffer from "not invented here" syndrome. Ideas are not the exclusive preserve of R&D, corporate planning, or market research; every new idea is welcomed and "channels" are forsaken.

**- Shrenik Parikh, Ahmedabad**

**M. 97244 48149**

પ્રશ્ન મારો મને જ સમજાતો નથી,
ને તોય તે મથું છું ઉત્તર શોધવાં.

એમ કંઈ વિણ મારે હલેસા, દરિયો ખેડાય નહીં,
મરજીવા થયા વિના મોતી મેળવાય નહીં.

જીંદગીના રણ મહીં કોઈ વીરડી ફુટી શકે,
સંતપ્ત હૈયાની વેદનાને જાકારો જો મળે.

રજનીગંધાના શ્વસનથી બાગ મહેકી શકે,
જો રાત્રિની નિરવતામાં સ્મિત તારકનું ભળે.

એમ ઈશ્વરની સ્તુતિથી ભેદ સહુ જાણી શકાય,
ને જીવનના ઉપદ્રવોને પરમ શાંતિ મળે.

વિશ્વાસનું બળ પામવું ને રાખવી શ્રદ્ધા અતુટ,
આત્મબળથી એમ કપરાં ચઢાણો સર થઈ શકે.

વેદનાના વન મહીં કોઈ કોયલ કુંજે ખરી,
ને ટહુકો કરતો મોર કોઈ કળા પણ કરી શકે.

– જગદીશ પરીખ, અમદાવાદ

મો.: ૮૫૧૧૦ ૧૧૬૨૩

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# બ્રહ્મ સંબંધ



પુષ્ટી-સંપ્રદાયમાં ભગવાન શ્રીકૃષ્ણની શરણાગતિ માટે બ્રહ્મસંબંધનું ઘણું જ મહત્વ છે. સંવત 1549ના શ્રાવણ સુદ 11ની મધ્યરાત્રિએ આપણા સૌના શ્રી વલ્લભાચાર્યજી યમુનાઘાટ પર વિચાર-મંથનમાં હતા કે મારા પુષ્ટીજીવોને ઠાકોરજી સન્મુખ કઈ રીતે કરૂ? આ જ સમયે સાક્ષાત્ શ્રી ઠાકોરજી પ્રગટ થયા અને એક માર્ગનો આવિર્ભાવ કર્યો.

પ્રભુ પોતે પોતાના વ્હાલા દૈવી જીવોને નિજલીલા અર્થે પોતાની સન્મુખ કરવા આતુર હતાં. આ હેતુ સિદ્ધ કરવા માટે પોતાના મુખારવિંદરૂપ શ્રી વલ્લભાચાર્યજી મારફત આ નવીન માર્ગ-પંથની સ્થાપના કરાવી. આ નવીન સંબંધનું અતિ-સુંદર નામ **"બ્રહ્મસંબંધ"** શબ્દથી આપ્યું છે, જે ઉંડી આધ્યાત્મિક ભાવનાથી ભરપુર છે.

**બ્રહ્મ-મૂર્હત**

હવે આપણે 'બ્રહ્મ-મૂર્હત' શબ્દને સમજવાનો પ્રયાસ કરીએ. બ્રહ્મ શબ્દ વેદોમાં પરમાત્મા માટે વપરાયેલ છે. વેદમાં બ્રહત્ શબ્દ ઉપરથી બ્રહ્મ શબ્દ બન્યો છે. આપણા ઋષી-મુનીઓ કહેતા કે બ્રહ્મ મૂર્હતનો સમય ખૂબ જ સુંદર-પાવન અને ભિન્ન ભિન્ન પ્રકારની અલૌકિક દિવ્ય ભેટોથી ભરેલો છે. આ સમયમાં પ્રકૃતિ આપણા માટે દિવ્ય ઉપહારનો ખજાનો લઈને આવે છે. જે કોઈ વ્યક્તિ ધારે તે આ સમયે દિવ્ય ચિંતનમાં લીન થઈ અલૌકિક આનદમાં ગરકાવ થઈ શકે છે.

આ સમયમાં ઊંઘ પણ ખૂબ જ સારી આવે છે. આપણે જે પણ ક્રિયા આ સમયમાં કરીશું તેમાં આનંદ આવશે જ. ઉંઘવાનું પણ આ સમયે સારૂ જ લાગશે!પરંતુ, વ્યક્તિ મન મક્કમ કરે તો જાગૃત અવસ્થામાં આ અલૌકિક આનંદનો લાભ લઈ શકાય, શક્ય હોય તો પ્રયત્ન કરી જુઓ. આત્માનું પરમાત્મા સાથે સંપર્ક બ્રહ્મમુર્હતમાં શક્ય બને. ટૂંકમાં આમ બ્રહ્મ સંબંધ અને બ્રહ્મ મૂર્હુતમાં પરમાત્માના પ્રત્યક્ષ-પરોક્ષ દર્શનની અનુભૂતિ થાય છે.

**- હસમુખભાઈ વી. શાહ, અમદાવાદ**
**મો. ૮૯૮૦૯ ૦૩૦૪૦**

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી શુકદેવજી



શ્રી શુકદેવજી શ્રીમદ્ભાગવતજીના વક્તા છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમદ્ ભાગવતના વક્તા ત્રણ પ્રકારના સમજાવે છે. (૧) હીન (સામાન્ય) અધિકાર (૨) મધ્યમ અધિકાર (૩) ઉત્તમ અધિકાર. સુતજી હીન અધિકારવાળા વક્તા છે. નારદજી મધ્યમ અધિકારવાળા વક્તા છે. શ્રી શુકદેવજી ઉત્તમ અધિકારવાળા વક્તા છે.

શ્રીમદ્ ભાગવતમાં અધિકાર બાહ્યનો નથી. આંતર અધિકાર છે. બાહ્ય અધિકાર પદ, પ્રતિષ્ઠા, સંપત્તિ વગેરેથી થાય. આંતર અધિકાર વૈરાગ્યથી નક્કી થાય, શ્રી શુકદેવજીમાં વૈરાગ્ય ઉચ્ચ કક્ષાનો છે. તેથી તેઓ ઉત્તમ અધિકારી વક્તા છે.

પુષ્ટિમાર્ગીય પ્રકારમાં શ્રી શુકદેવજી શ્રી સ્વામિજીના શુક અર્થાત્ પોપટ છે. આ ભાવથી પુષ્ટિમાર્ગમાં કીર્તનો પણ છે.

'સુવા પઢાવત સારંગ નયની'– અહીં સુવા એટલે પોપટ. સારંગ નયની એટલે સ્વામિનીજી – શ્રી રાધિકાજી. તેઓ પોપટને શ્રીકૃષ્ણનું નામ રટાવે છે.

'સુવા તેરી સોને ચોંચ મઢાવું ઈતનો સંદેશો દે પ્યારે કો તારે બહુત રીઝાવું' – અહીં શ્રી સ્વામિનીજી સુવા – પોપટને કહે છે કે તું મારો એક સંદેશો શ્રીકૃષ્ણને આપી આવત તો હું તને ખૂબ રાજી કરીશ. તારી ચાંચ સોનાથી ચઢાવીશ.

નિત્યલીલામાં શ્રીશુકદેવજીનું આ સ્વરૂપ છે. શ્રી શુકદેવજીને ભગવાન શંકર – મહાદેવજીસ્વરૂપ પણ કહ્યાં છે. આથી જ શુકદેવજીમાં પ્રબળ વૈરાગ્ય છે. આ વૈરાગ્યના દર્શન તેમના જન્મ પ્રકારમાં જોવા મળે છે.

તેમના પિતા શ્રી વેદવ્યાસ મહર્ષિજી છે. માતા શ્રી અરણિજી છે. શ્રી વ્યાસજીએ ભગવાનની સંપૂર્ણ જ્ઞાન કલાનો અવતાર છે. તેમનો આશ્રમ સરસ્વતી નદીના તટે છે. ત્યાં તેઓ વિદ્યાર્થીઓને વેદો ભણાવે છે. આટલું પવિત્ર વાતાવરણ છે. છતાં શુકદેવજી તેમની માતાના ઉદરમાં ૧૬ વર્ષ સુધી રહે છે. તેમને બહાર નથી આવવું કારણ એટલું જ કે તેમને સંગનો ડર છે.

ભગવાન કપિલજીએ પણ પોતાની માતા દેવહુતીજીને જ્ઞાન આપ્યું છે કે સંગ–પ્રસંગ એ તો અજર અમર પાશ – બંધન છે.

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

આમ શ્રી શુકદેવજી સંગ-પ્રસંગથી બચવા માંગે છે. ખૂબ વિનંતી પછી આવે છે. જન્મ્યા તેવા પિતાનો આશ્રમ છોડી સમાધિ કરવા ચાલ્યા જાય છે. પિતા વ્યાસજીને શ્રીમદ્ ભાગવત પોતાના આ પુત્રને આપવું છે તેથી આશ્રમ છોડીને જતા પુત્રની પાછળ પાછળ 'પુત્ર-પુત્ર'નો પોકાર કરીને રોકવાનો પ્રયત્ન કરે છે પણ, શુકદેવજી રોકાતા નથી.

શ્રી શુકદેવજીમાં સર્વાત્મભાવ છે. પ્રબળ વૈરાગ્ય છે તે પણ જોવા મળે છે. પિતા જ્યારે પોકારે છે ત્યારે શ્રી શુકદેવજી વૃક્ષમાં પ્રવેશીને જવાબ આપે છે. સમાધિ કરવા જતી વખતે રસ્તામાં એક સરોવર આવે છે. તેમાં કેટલીક સ્રીઓ સ્નાન કરતી હતી. શ્રી શુકદેવજી ત્યાંથી પસાર થયા ત્યારે તેમને લજ્જા ન આવી. વ્યાસજી ત્યાંથી પસાર થતાં તેમને લજ્જા આવી - વસ્રો પહેર્યા. વ્યાસજીએ તેનું કારણ પૂછયું ત્યારે તે સ્રીઓએ કહ્યું કે-તમારા પુત્રમાં પુરુષ - સ્રી એવો દ્દષ્ટિભેદ-ભાવ નથી. તમારામાં છે.

શ્રી શુકદેવજી સમાધિ કરે છે. સમાધિ ખુલી ત્યારે તેમણે શ્રી ભાગવતના બે શ્લોકો પોતાના પિતાના શિષ્યો પાસેથી સંભળ્યા. શિષ્યો તે ગુફાની નજીકથી પસાર થતા હતાં. આ બે શ્લોકો પૈકી એક શ્લોકમાં શ્રીકૃષ્ણના સ્વરૂપની સુંદરતાનું વર્ણન હતું અને બીજા શ્લોકમાં શ્રીકૃષ્ણના સ્વભાવની સુંદરતાનું વર્ણન હતું.

શ્રી શુકદેવજી તો પહેલા જ્ઞાની હતાં. નિર્ગુણના ઉપાસક હતાં. પણ, આ બે શ્લોક સાંભળી તેમને શ્રીકૃષ્ણમાં પ્રીતિ થઈ. શ્રીમદ્ ભાગવત શ્રીકૃષ્ણનું નામાત્મક સ્વરૂપ છે. આથી તેઓ પિતા શ્રી વ્યાસજી પાસે શ્રીમદ્ ભાગવત ભણ્યા અને રાજા પરીક્ષિતને ગંગા નદીના કિનારે શ્રીમદ્ ભાગવત સંભળાવ્યું અને ઋષિકુમારથી શાપિત રાજાનો ઉદ્ધાર કર્યો. શ્રી શુકદેવજીમાં શ્રીમદ્ ભાગવતનો ખૂબ જ પ્રભાવ હતો. કોઈ ગૃહસ્થના આંગણે ગાય દોહવાય તેટલો જ સમય ઉભા રહે, તેટલા સમયમાં તે ગૃહસ્થનું કલ્યાણ થઈ જતું.

શ્રી શુકદેવજીનું વય સોળ વર્ષનું છે. તે બત્રીસ લક્ષણા પુરુષ છે. તેમનામાં સ્વેચ્છાથી પ્રકટ થઈ શકવાનું સામર્થ્ય છે. ઐશ્વર્ય વગેરે છ ગુણો છે. ભગવદીયપણું છે. પોતાની ઈચ્છાથી લીલા કરે છે. નિરપેક્ષ છે. અદ્દશ્ય થવાનું સામર્થ્ય છે. આત્મલાભ છે અને સંતોષ છે. શ્રી ભાગવતમાં ૧૨ સ્કંધો છે. શ્રી શુકદેવજીએ આ સમગ્ર શ્રીમદ્ ભાગવત પરીક્ષિજીને સંભળાવ્યું છે. આ પૈકી દસમ સ્કંધમાં તો શ્રીકૃષ્ણ તેમના હ્દયમાં બિરાજી કથા કરે છે.

મારી આ નામ સેવા શ્રી શુકદેવજીના ચરણ કમલમાં નિવેદીત કરું છું.

- ડો. પિયુશ પરીખ, ભરુચ-પાટણ

મો. ૯૮૨૫૦ ૪૪૩૭૦

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

## એક યાદગાર પ્રેરણાત્મક અનુભવ



May, 2022 ફેમિલી સાથે હું લડાખ ફરવા નીકળ્યો હતો. ૨૭ મે, ૨૦૨૨ એ નુબ્રા વેલીથી ટુર ટુક જવા નીકળ્યો હતો અને રસ્તામાં ટ્રાફિક જામ જોવા મળ્યો. થોડીવારમાં ત્યાંથી મિલેટ્રીની એમ્બ્યુલન્સ એક પછી એક એમ ઘણી પસાર થઈ. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે આગળ ૨૦ કિલોમીટર દૂર મિલેટ્રીની ૨૬ જવાન સાથેની વાન ખીણમાં પડી ગઈ છે અને રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. આથી મેં ટુર ટુકનો ફરવા જવાનો કાર્યક્રમ રદ કર્યો અને અમારા કારના ડ્રાઈવરને military hospital પર કાર લઈ જવા જણાવ્યું ત્યાં આગળ એન્ટ્રી પોઈન્ટ પર મેં મારી સર્જન તરીકે ઓળખાણ આપી અને મારી મદદ કરવા વિશેની ઉત્કંઠા બતાવી.

તે સમયે ત્યાંના સર્જન અન્ય જગ્યાએ ફરજ પર હતાં. એન્ટ્રી પોઈન્ટના સિક્યુરીટી ગાર્ડે ફોન ઉપર અંદર મુખ્ય ઈન્ચાર્જ ઓફિસર સાથે વાત કરી અને મારી મદદ કરવાની ભાવના વિશે જણાવ્યું. તરત જ મને અંદર હોસ્પિટલમાં બોલાવવામાં આવ્યો મને બધા પેશન્ટ વિશે જાણકારી આપવામાં આવી. બધા જવાનોને તપાસીને કેટલાકને ઘા ઉપર ટાંકા લીધા, કેટલાકને છાતીના ફ્રેક્ચર માટે છાતીને સ્ટેબિલાઈઝર કરી અને કેટલાકને મોઢાની અંદર ટાંકા લીધા અને કેટલાકને કેથેટર કર્યા અને કેટલાકને વેન્ટિલેટર ઉપર લીધા અને જરૂરી તપાસ સૂચવી. આમ કુલ ૩ થી ૪ કલાકનો સમય ફાળવ્યો. 'Military defend our border, it is our duty to keep their health in order'.

- ડો. જયેશ પરીખ, એમ.એસ, અમદાવાદ

મો. ૯૪૨૭૫ ૦૮૮૧૭

શ્રી ડો. જયેશભાઈ પરીખને આવા સુંદર–પ્રેરણાત્મક કાર્ય માટે ખૂબ ખૂબ અભિનંદન.

– તંત્રી

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## સકારાત્મક અભિગમ



એક રાજા પાસે વિશાળ સંખ્યામાં હાથી હતાં. એમાંનો એક હાથી બહુ શક્તિશાળી હતો. આજ્ઞાકારી, સમજદાર ઉપરાંત બુધ્ધિ કૌશલ્યમાં નિપૂણ હતો. ઘણા યુધ્ધ સંગ્રામમાં તેણે વિજય અપાવ્યાં હતાં. તેથી રાજાને સર્વાધિક પ્રિય હતો.

સમય ગુજરતો ગયો. હવે, તે હાથી વયસ્ક થયો હતો. તેના ઉત્સાહ પર ઉંમરની અસર વર્તાતી હતી. તે પહેલા જેવા ઉત્સાહથી કામ કરી શકતો ન હતો. વૃધ્ધાવસ્થાને કારણે અશક્ત બનેલા હાથીને હવે કોઈ પણ સંગ્રામમાં મોકલતા ન હતા.

એક દિવસ એ હાથી ગામના પાદરે આવેલ સરોવરમાં પાણી પીવા ગયો. કિનારા પરના કીચડમાં તેનો પગ ફસાઈ ગયો. તે જેમ બહાર નીકળવાની કોશિશ કરતો તેમ કાદવમાં વધારે ફસાતો ગયો. હવે તેણે ચિચિયારીઓ પાડવાની શરૂઆત કરી. તેની ચીસો સાંભળીને ગામ લોકોના ટોળાં ત્યાં ભેગા થઈ ગયાં. તે દરેકે પોતાની રીતે બહાર કાઢવાના પ્રયત્ન કરી જોયા પણ બધા નાકામિયાબ રહ્યાં. તેથી રાજાને જાણ કરવામાં આવી. રાજાએ સ્વયં આવીને હાથીને બહાર કાઢવાના પ્રયાસો હાથ ધર્યા. પરંતુ તેને પણ સફળતા ન મળી તેથી તેમણે તેમના અનુભવી મંત્રીને ઉપાય શોધવા જણાવ્યું.

મંત્રીએ ઘટના સ્થળે આવી નિરીક્ષણ કર્યું. થોડું વિચાર્યા પછી સુઝાવ આપ્યો કે સરોવરની ચારે બાજુ યુધ્ધની કટોકટી સમયનાં નગારાં વગાડવામાં આવે. બધાને નવાઈ લાગી. નગારા વગાડવાની શરૂઆત થઈ. જેમ જેમ નગારાનો અવાજ સ્પષ્ટ થતો ગયો તેમ તેમ નિર્બળ હાથીમાં જોમ વધતું ગયું. તે ધીમે ધીમે બેઠો થઈ કીચડમાંથી બહાર આવી ગયો.

મંત્રીએ જણાવ્યું કે હાથીમાં શારીરિક ક્ષમતાની કમી ન હતી. પરંતુ ઉત્સાહ વધારવાની જરૂર હતી. એક વખત શરીરમાં ઉર્જાનો સંચાર થાય તેમ તેમ તેનામાં કાર્ય કરવાનો ઉત્સાહ સ્વતઃ જાગૃત થાય છે. જીવનમાં ઉત્સાહ ટકાવી રાખવા માટે મનુષ્યમાં સકારાત્મક અભિગમ હોવો જરૂરી છે. સકારાત્મક અભિગમ માટે નકારાત્મક વિચારોને પોતાના પર હાવી થવા ન દેવા જોઈએ.

યુધ્ધભૂમિ પર વાગતા નગરાના જેવો જ ટંકાર સાંભળવામાત્રથી હાથીનાં મનમાં રણસંગ્રામ માટે તૈયાર થવા ઉત્સાહ જાગ્યો, જોમ ભરાવા લાગ્યું. પ્રાણીના અગોચર

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

મનમાં પણ પોતાની સમર્થ વફાદારીનો ભાવ જાગૃત થતાં નવી શક્તિનો સંચાર થયો. જ્યારે કોઈ વ્યક્તિ મુશ્કેલીમાં આવે, તેમાંથી બહાર નીકળવાના તમામ પ્રયત્નો કરવા છતાં ઊંડો ઉતરતો જાય. સફળતા ન મળે ત્યારે શાંત અને સ્વસ્થ ચિત્તે નવા જ ઉત્સાહપ્રેરક વાતાવરણમાં જવાનો પ્રયત્ન કરવો. ત્યાં જઈ વિચાર કરવો, પોતાની શક્તિઓ પર વિશ્વાસ કરવો.

સંત શ્રી રમણ મહર્ષિના જીવનમાં નિરાશાને કોઈ સ્થાન ન હતું. તેઓ મૌન દ્વારા જ તેમના દર્શન આપનારના મનને ઉર્ધ્વગામી સ્તરે લઈ જતા.

આભાર – પ્રાર્થના વિહારમાંથી ફેબ્રુઆરી, ૨૦૧૭ના અંકમાંથી

**– ગૌતમ જે. શાહ, અમદાવાદ**

**મો. ૯૯૦૪૧ ૫૫૭૭૨**

## કાવ્ય

હાલો ગોકુળિયે જાઈએ મારા વ્હાલા
હાલો ગોકુળિયે જાઈએ
તારા અંતર મન રે નીચોવ મારા વ્હાલા
હાલો ગોકુળિયે જાઈએ
એકલો આવ્યો અને એકલો જાવાનો
એમાં નથી નફો કે ખોટ મારા વ્હાલા ..હાલો
મારો કાનુડો ગોકુળ માં વસે છે
એને તેડીને પકડ મારા વ્હાલા ..હાલો
ભક્તિ કરો અને સેવા પણ કરો
પણ એને ના ભુલો એક પળ મારા વ્હાલા ..હાલો
આ મેં કર્યું આ તે કર્યું
તે બધું મુકો મારા વ્હાલા ..હાલો
આ જીવનમાં એક જ છે કામ
કાનુડાને કરાવો આનંદ “પ્રમોદ” મારા વ્હાલા ..હાલો

**– પ્રમોદભાઈ કે. શાહ, અમદાવાદ**

**મો. ૯૪૨૭૮ ૦૦૩૫૯**

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

**સ્વ. વિધાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.**

## વાયડા મિત્ર ન મળવા અંગે ...

કેટલાંક સમયથી 'વાયડામિત્ર' નિયમિત ન મળવાની ફરિયાદ વધતી રહે છે. 'વાયડામિત્ર' નિયમિત રીતે દર માસની ૧૦મી તારીખે અચૂક પોસ્ટ કરવામાં આવે છે. પરંતુ કોઈક કારણોસર અંક નિયમિત મળતાં નથી માટે વાયડામિત્ર જે તે માસની ૨૫મી તારીખ સુધી ન મળે તો સૌથી પહેલા પોસ્ટ ઓફિસ અને પોસ્ટ મેનનો સંપર્ક કરવો. ત્યાથી યોગ્ય પ્રત્યુત્તર ન મળે તો ઈન્ડીયન પોસ્ટની વેબસાઈટ ઉપર ઓનલાઈન કંમ્પલેન કરવી તથા વ્યવસ્થાપક શ્રી હર્ષ પરીખને બીજી કોપી મોકલવા માટે વોટસ એપ થી સંપર્ક કરવો.જો આપના સરનામામાં ફેરફાર થયેલ હોય તો આપનું જૂનુ અને નવું સરનામુ અવશ્ય જણાવવું. વા.મિ નીચેનાં સરનામેથી રૂબરૂમાં પણ મેળવી શકાશે.

(૧) ફોન : ૦૭૯-૨૬૬૩૦૫૭૧
શ્રી વાયુદેવતાજી મંદીર,
ભાવના ફલેટ પાછળ,
નારાયણનગર રોડ,
પાલડી, અમદાવાદ

(૨) ફોન : ૯૮૯૮૦ ૨૬૦૪૫
વૈભવ મહેન્દ્રભાઈ ચોકસી(આર.વી. ઝવેલર્સ)
૬૯, ભ્રુગુપુર સોસાયટી, કસક,
ભરુચ - ૩૯૨ ૦૦૧

(૩) મો. ૯૯૦૯૨૬૫૨૭૦
શ્રી ઉમાકાંતભાઈ જે. પરીખ
શ્રી જે. જે. પરીખ એન્ડ બ્રધર્સ
૧૯, મહાકાંત, એલીસબ્રીજ,
અમદાવાદ

(૪) ફોન : ૦૨૬૫-૨૩૩૫૨૫૯
શ્રી હર્ષદભાઈ શ્રોફ
પ્રણવ ઈલેક્ટ્રીકલ્સ,
૧૪/એ, રાજલક્ષ્મી કોમ્પ્લેક્ષ,
જુના પાદરા રોડ, વડોદરા

(૫) મો. ૯૮૨૪૬૬૭૩૨૩
શ્રી અજય અરવિંદભાઈ પરીખ
શ્રી ગીરીરાજ શુટિંગ શર્ટિંગ,
૩/૪, અવિપ કોમ્પ્લેક્ષ, સ્ટેટ બેંક રોડ,
વેરાઈ ચકલા, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

**સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ–માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.**

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

## Matrimonial

Looking for a suitable match for our daughter Noopur,
Education : B.com, LLM,
Height : 5’ 3”,
Date Of Birth : 22/03/1995, fair look,
practising High court advocate.
Kindly send your resume on vpfca@yahoo.com
CA VRAJESH PARIKH Mobile : 98250 97572
ADVOCATE YOGINI PARIKH Mobile : 99090 32630

### શ્રી વાયુદેવતા મંદિર, બાજવાડા, વડોદરા

વડોદરા વિશા વાયડા વણિક પંચના સભ્યોમાંથી નીચેના સભ્યોને મોકલવામાં આવતા સરક્યુલર ‘મકાન બંધ છે / શિફ્ટ થઈ ગયાં છે.’ની રીમાર્ક સાથે કુરીયરમાંથી પરત આવે છે.

નીચેના સભ્યોને તેઓના નવા નામ, સરનામા શ્રી વાયુદેવતા મંદિરે અથવા તો મો. નં. ૯૯૭૪૦ ૧૮૩૦૨ ઉપર વોટ્સએપથી જણાવવા વિનંતી છે. જો તેઓના નજીકના સંબંધીને જાણ હોય તો તેઓ પણ જણાવી શકે છે.

(૧) તરંગીનીબેન અરવિંદભાઈ દલાલ

(૨) સ્વ. શ્રી સુનિલભાઈ એમ. દેસાઈ

(૩) શ્રી પુલિનભાઈ ઝવેરી

(૪) શ્રી ચંદ્રેશભાઈ કે. ગાંધી

ઉપરોક્ત સભ્યોને તુરંત નવા સરનામા જણાવવા વિનંતી છે જેથી ભાદરવા સુદ – પનો હવન અને ૬ની ઉજાણી તથા શ્રી વાયુદેવતા મંદિરે આગામી ઉત્સવના સરક્યુલર મોકલી શકાય.

આપ સૌના સહકારની અપેક્ષા સાથે.

– શ્રી વાયુદેવતા મંદિર, બાજવાડા, વડોદરા–૧.

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

# શ્રી સમીરી વણિક સમાજ, અમદાવાદ

શ્રી સમીરી વણિક સમાજ–અમદાવાદના ઉપક્રમે સને 2022ના વર્ષનો પ્રથમ કાર્યક્રમ તા. 12/6/2022ને રવિવારના રોજ 'ધ ઓરીએન્ટ ક્લબ' એલીસબ્રીજ અમદાવાદ ખાતે સાંજે ૬–૦૦ વાગ્યાથી એ.સી. હૉલમાં યોજાઈ ગયો.

સને 2018ના વર્ષથી સમાજે નક્કી કર્યા પ્રમાણે દર બે વર્ષે સમાજના 75 વર્ષ પૂર્ણ કરેલ વડીલોનું બહુમાન–સન્માન કરવાનું નક્કી કર્યા પ્રમાણે સને 2020ના વર્ષમાં કોવિડ લોકડાઉનને કારણે બીજો બહુમાન–સન્માન કાર્યક્રમ યોજી શકાયો ન હોવાથી આ વર્ષે બીજો કાર્યક્રમ વડીલોના બહુમાન–સન્માન કરવાનું આયોજન સમાજની કારોબારી સમિતિમાં નક્કી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અગાઉ કારોબારી સમિતીની બે–ત્રણ વખત મળેલ મિટિંગમાં કાર્યક્રમ અંગેની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી.

સમાજના કાર્યક્રમની શરૂઆતમાં સેક્રેટરી શ્રી શરદભાઈ જે. પરીખે હાજર રહેલ સૌ સભ્યોને ઉષ્માભેર આવકાર આપ્યો હતો અને કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગિક પ્રવચન કરી આજના કાર્યક્રમની માહિતી તેમણે સૌ સભ્યોને આપી હતી.

સમાજના પ્રમુખશ્રી શૈલેષભાઈ પી. શાહ હાલમાં અમેરિકા હોવાથી તેઓ હાજર રહી શક્યા ન હોતા, પરંતુ તેમની સાથેના ફોન ઉપર સતત વાર્તાલાપ દ્વારા તેમણે આજના કાર્યક્રમ અંગે આપેલાં સૂચનો અને માર્ગદર્શનને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રમુખશ્રી શૈલેષભાઈ પી. શાહે આ કાર્યક્રમ અંગેનો સંદેશો અમેરિકાથી મોકલાવ્યો હતો, જે શ્રી રાજેન્દ્રભાઈ કે. શાહે વાંચી સંભળાવ્યો હતો અને પ્રમુખશ્રીનો આ તબક્કે આભાર વ્યક્ત કર્યો હતો.

ચાર વર્ષ બાદ વડીલોના બહુમાન–સન્માનનો કાર્યક્રમ યોજાયો હોવાથી સારી એવી સંખ્યામાં (કુલ 24 વડીલો)એ કાર્યક્રમમાં હાજર રહેવાની સંમતિ આપી હતી. લગભગ ચારેક વડીલોએ તેમની તબિયતની નાદુરસ્તીના કારણે હાજર રહેવા અસમર્થતા વ્યક્ત કરેલ હતી.

આજના આ કાર્યક્રમ માટે મહેસાણાનિવાસી શ્રી શરદભાઈ પી. શાહ – એડવોકેટે સમારંભના અતિથિ–વિશેષપદે હાજર રહીને આજના સમારંભનું ગૌરવ

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

વધાર્યું હતું અને આ તબક્કે તેમણે સમાજના સભ્યોને નિઃરોગી રહેવા માટેની ઉપયોગી માહિતી આપી હતી. શ્રી સમીરી વણિક સમાજ આ માટે તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

આજના કાર્યક્રમની શરૂઆત કરતાં દરેક વડીલનું સૌ પ્રથમ ગુલાબનું ફૂલ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ દરેકને 'શોલ' ઓઢાડીને તથા 'રાધા-કૃષ્ણની કદમ્બના વૃક્ષ હેઠળની સુંદર કલાકૃતિ' મોમેન્ટોરૂપે ભેટ આપીને તેમનું બહુમાન-સન્માન કરવામાં આવ્યું હતું. સમાજ હાજર રહેનાર તમામ વડીલોનો ખૂબ ખૂબ આભાર માને છે.

આ કાર્યક્રમમાં બહુમાન-સન્માન પામનાર વડીલો તથા તેમનું સન્માન કરનાર સભ્યોની યાદી નીચે મુજબ છે.

| | વડીલનું નામ | બહુમાન-સન્માન કરનાર |
|---|---|---|
| 1) | શ્રી શરદભાઈ પી. શાહ – મહેસાણા | શ્રી શરદભાઈ જે. પરીખ |
| 2) | શ્રી ઈલાબેન શરદભાઈ શાહ – મહેસાણા | શ્રી શરદભાઈ જે. પરીખ |
| 3) | શ્રી સુરેખાબેન ગોરધનભાઈ પરીખ | શ્રી રાજેન્દ્રભાઈ કે. શાહ |
| 4) | શ્રી કૃષ્ણવિજયભાઈ વલ્લભદાસ શાહ | શ્રી રાજેન્દ્રભાઈ કે. શાહ |
| 5) | શ્રી હંસાબેન લક્ષ્મીકાંતભાઈ પરીખ | શ્રી ડૉ. જયેશભાઈ વી. પરીખ |
| 6) | શ્રી શોભનાબેન આર. પરીખ | શ્રી ડૉ. જયેશભાઈ વી. પરીખ |
| 7) | શ્રી હસમુખભાઈ વ્રજલાલ શાહ | શ્રી ડૉ. રાકેશભાઈ આર. પરીખ |
| 8) | શ્રી રાજેશભાઈ વ્રજલાલ શાહ | શ્રી ડૉ. રાકેશભાઈ આર. પરીખ |
| 9) | શ્રી હર્ષદભાઈ એસ. પરીખ | શ્રી શ્રેણિકભાઈ એન. પરીખ |
| 10) | શ્રી અશોકભાઈ કનૈયાલાલ પરીખ | શ્રી કંદર્પભાઈ વી. પરીખ |
| 11) | શ્રી પ્રવિણચંદ્ર બી. પરીખ | શ્રી દિગંતભાઈ એસ. પરીખ |
| 12) | શ્રી તિલોત્તમાબહેન પી. પરીખ | શ્રી દિગંતભાઈ એસ. પરીખ |

એમ.જે.નગરશેઠ (અમેરિકા) ના જય શ્રી કૃષ્ણ

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

| | | |
|---|---|---|
| 13) | શ્રી ગૌતમભાઈ જે. શાહ | શ્રી સમીરભાઈ એચ. પરીખ |
| 14) | શ્રી ઈન્દિરાબેન વી. પરીખ | શ્રી સમીરભાઈ એચ. પરીખ |
| 15) | શ્રી અશ્વિનભાઈ વલ્લભદાસ પરીખ | શ્રી મધુસુદનભાઈ કે. શાહ |
| 16) | શ્રી મધુસુદનભાઈ કે. શાહ | શ્રી પરિમલભાઈ એમ. પરીખ |
| 17) | શ્રી મિનાક્ષીબેન નલીનભાઈ શાહ | શ્રી પરિમલભાઈ એમ. પરીખ |
| 18) | શ્રી માયાબેન મનોજભાઈ પરીખ | શ્રી સ્મૃતિબેન આર. શાહ |
| 19) | શ્રી રેખાબેન અશોકભાઈ પરીખ | શ્રી સ્મૃતિબેન આર. શાહ |
| 20) | શ્રી ભારતીબેન ભાનુકાન્તભાઈ શાહ | શ્રી સોનલબેન એસ. પરીખ |
| 21) | શ્રી કોકીલાબેન વ્યોમેશભાઈ પરીખ | શ્રી સોનલબેન એસ. પરીખ |
| 22) | શ્રી ઉષાબેન હસમુખભાઈ પરીખ | શ્રી મીતાબેન આર. પરીખ |
| 23) | શ્રી ઉષાબેન સનતભાઈ પરીખ | શ્રી મીતાબેન આર. પરીખ |
| 24) | શ્રી મંજરીબેન દીપકભાઈ ઝવેરી | શ્રી આરતીબેન વી. પરીખ |

આજના આ કાર્યક્રમ માટે ડીસાનિવાસી ડૉ. સંજયભાઈ દેવીદાસ ગાંધી તેમના પૂ. પિતાશ્રીની નાદુરસ્ત તબિયતના કારણે કાર્યક્રમમાં હાજર રહી શક્યા ન હોતા, પરંતુ શ્રી ડૉ. સંજયભાઈ ડી. ગાધી તરફથી સમાજને રૂ. 21,000/-નું દાન આપવામાં આવ્યું છે. સમાજ આ માટે તેમનો ખૂબ ખૂબ આભાર માને છે અને ભવિષ્યમાં સમાજ માટે આ પ્રકારની લાગણી સતત દર્શાવતા રહે તેવી શ્રીજી બાવા તેમને શક્તિ આપે તેવી પ્રાર્થના.

કાર્યક્રમ પૂરો થયા બાદ હાજર રહેલ કુલ 170 સભ્યોને હાઉસીની રમત રમાડવામાં આવી હતી. તમામ સભ્યોએ હાઉસીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ માટે તમામ સભ્યોને 1 ટોકનદીઠ 1 હાઉસીની ટિકિટ સમાજ દ્વારા ફ્રી આપવામાં આવી હતી. હાઉસીના વિજેતા સભ્યોને કુલ રૂ. 3050/-ના ઈનામો સમાજ દ્વારા આપવામાં આવ્યાં હતાં.

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

**સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.**

આ કાર્યક્રમનું એન્કરીંગ તથા સંચાલન શ્રી શ્રેણિકભાઈ એન. પરીખ દ્વારા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ પૂરો થયા બાદ હાજર રહેલ સૌ સભ્યોએ ‘ધ ઓરીએન્ટ કલબ’ દ્વારા પીરસવામાં આવેલ સુંદર અને ટેસ્ટી ગુજરાતી ભોજનનો આસ્વાદ માણી સૌ સભ્યો આનંદ-વિભોર થઈને એકબીજાને જય શ્રીકૃષ્ણ કહીને છૂટા પડ્યાં હતાં.

આ કાર્યક્રમ દરમ્યાન સમાજને નીચેના સભ્યો દ્વારા દાન મળેલ છે

| | |
|---|---|
| (1) શ્રી ડૉ. સંજયભાઈ દેવીદાસ ગાંધી, ડીસા | રૂ. 21,000/- |
| (2) શ્રી શરદભાઈ પી. શાહ, મહેસાણા | રૂ. 11,000/- |
| (3) શ્રી સુરેખાબેન ગોરધનદાસ પરીખ | રૂ. 11,000/- |
| (4) શ્રી કૃષ્ણવિજય વલ્લભદાસ પરીખ | રૂ. 11,000/- |
| (5) શ્રી હસમુખભાઈ વ્રિજલાલ શાહ | રૂ. 11,000/- |
| (6) શ્રી અશ્વિનભાઈ વલ્લભદાસ પરીખના સન્માન પ્રસંગે શ્રી પિનાકીનભાઈ વલ્લભદાસ પરીખ | રૂ. 5100/- |
| (7) શ્રી હર્ષદભાઈ એસ. પરીખ | રૂ. 5000/- |
| (8) શ્રી રાજેશભાઈ વ્રિજલાલ શાહ | રૂ. 5000/- |
| (9) શ્રી માયાબેન મનોજભાઈ પરીખ | રૂ. 2500/- |
| (10) શ્રી ઉષાબેન સનતભાઈ પરીખ | રૂ. 2500/- |
| (11) શ્રી મધુસુદનભાઈ કે. શાહ | રૂ. 2000/- |
| (12) શ્રી રાજેશભાઈ બચુભાઈ શાહ | રૂ. 2500/- |

સમાજ ઉપરોક્ત તમામ દાતાઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

**અહેવાલ સંકલન : શ્રી કંદર્પભાઈ વી. પરીખ**

**શ્રી શૈલેષભાઈ પી. શાહ**
**પ્રમુખ**

**શ્રી શરદભાઈ જે. પરીખ**
**સેક્રેટરી**

**ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.**

## Matrimonial

Looking for an appropriate match for a boy from Ahmedabad. details as below.

**D.O.B.** **:** 26th Feb, 1996

**Education** : Masters in Construction and Infrastructure Management (Swinburne University) Melbourne, Australia.

**Occupation** **:** Working in a reputed construction company in Sydney, Australia.

**Height** : 5' 11"

Kindly get in touch through below mentioned contact details with boidata / profile

**Email** **:** smeet.2004@yahoo.com

**Mobile** : 83068 68007, 98985 93759

## સ્વીટ એન્ડીંગ ★★★

## (હોમમેડ આઈટમસ)

ચોકલેટ (ડાર્ક, સ્વીટ, વ્હાઈટ, ફરેરો રોશર, ડ્રાયફ્રુટ, ચોકોચીપ્સ, બટરસ્કોચ) ચોકલેટ બુકે, ફોટો બુકે (તમારી પસંદ પ્રમાણે) હોમ મેડ મીણબત્તી (સુગંધવાળી, નોર્મલ અને તમે કહો એ થીમની)

રેસીન આર્ટ (કીચન ટ્રે)

ક્વીલીંગ આર્ટ (કાર્ડ, શો પીસ, કવર)

કપ કેક (બધા જ પ્રકારની)

મુખવાસ (100 gm, 250 gm, 500 gm, 1 kg)

**જીજ્ઞા પરીખ**
35, પ્રોફેસર કોલોની,
વિજય રેસ્ટોરન્ટની નજીક,
ચાઈલ્ડ કેરની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ.
Mobile : 94287 37580

## શેઠ ત્રિભોવનદાસ વેણીદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ

આથી શ્રી દશા વાયડા વણિક જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ બહેનો તથા જ્ઞાતિબંધુઓને જણાવવાનું કે આ સાથે નીચે મુજબની એક યોજના તા. ૧–૧૧–૯૧થી શરૂ કરવામાં આવી છે. તે સુધારા–વધારા સાથે સને ૨૦૨૨–૨૦૨૩ વર્ષ માટે ચાલુ રાખવામાં આવી છે. જેની રૂપરેખા નીચે મુજબ છે.

**શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના :** આ યોજના હેઠળ મદદ નહિ પણ મેરીટના આધારે સ્કોલરશીપ આપવામાં આવે છે. કોઈ પણ સંકોચ વગર આ યોજનાનો લાભ સમસ્ત દશા વાયડા વણિક જ્ઞાતિના વિદ્યાર્થીઓ લઈ શકે છે. SSC અને HSC ની પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ માર્કસ લાવનારને SSC રૂા. ૧૦૦૦/– અને HSC રૂા. ૧૨૦૦/– મુજબ સ્કોલરશીપ આપવામાં આવશે. સ્કોલરશીપ લેવા માટે આગળ અભ્યાસ કરવો જરૂરી છે.

**અરજી પત્રક નં. ૩**

| કોલેજનો અભ્યાસ | ૧લું વર્ષ | ૨જુ વર્ષ | ૩જુ વર્ષ | ૪થું વર્ષ | સ્નાતક |
|---|---|---|---|---|---|
| કોર્ષ માટે | ૧૦૦૦ | ૧૧૦૦ | ૧૨૦૦ | – | 60% |
| અનુ સ્નાતક કોર્ષ માટે | ૧૨૦૦ | ૧૫૦૦ | – | – | 50% |
| ડીગ્રી કોર્ષ | ૧૨૦૦ | ૧૩૫૦ | ૧૫૦૦ | ૧૮૦૦ | 50% |
| ડીપ્લોમા કોર્ષ | ૧૦૦૦ | ૧૨૦૦ | ૧૫૦૦ | – | 50% |

**સર્વાંગી વિકાસ યોજના :** બીજા કોઈપણ ક્ષેત્રમાં અપૂર્વ સિધ્ધી પ્રાપ્ત કરનારને યોગ્ય પારિતોષિક આપવામાં આવશે. (અરજી પત્રક નં. ૪)

**ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય :** ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય મેળવવા અરજી પત્રક નં. ૧ મોકલવાનું રહેશે. જેની સાથે છેલ્લા પાસ કરેલ ધોરણની માર્કશીટ તથા કોલેજ ફીની રસીદ તેમજ પુસ્તકોના બીલની કોપી મોકલવાની રહેશે.

તબીબી સારવાર માટે સહાય : તબીબી સહાય માટે અરજી પત્રક નં. ૨ મેળવી દવાના બીલ તેમજ ડોક્ટરના સર્ટીફીકેટ સાથે મોકલવાના રહેશે. આ અરજી વરસમાં કોઈ પણ અરજી પત્રક સાથે નીચેની વિગત અચુક જણાવવી

બેન્કનું નામ, બ્રાન્ચ અને એકાઉન્ટ નંબર

અરજદારનો વોટ્સએપ નં. અથવા ઈ–મેલ એડ્રેસ, મો. નંબર જરૂરથી આપવો.

પોસ્ટલ સ્ટેમ્પ લગાડેલું જવાબી કવર બીડવું.

અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૩૦–૯–૨૦૨૨

ઉપરની સમગ્ર યોજના સંબંધે પત્ર વ્યવહારનું સરનામું નીચે મુજબ છે.

૧. પ્રાણજીવન કે. શાહ એ–૬૦૩, સાંઈ આશાદીપ, સેવારામ લાલવાની રોડ, વિઠ્ઠલનગર, મુલુંડ (પ.) મુંબઈ – ૪૦૦૦૮૦, મો. નં. ૯૩૨૪૬૧૧૩૦૧

E-mail : npshah1711@gmail.com

૨. નૈલેશભાઈ કે. શાહ ૬૦૩, વિજય એપાર્ટમેન્ટ, એમ. જી. રોડ, નં. ૩
સ્વીમીંગ પુલની પાછળ, સારસ્વત બેંક પાસે,
કાંદીવલી (પ.) મુંબઈ – ૪૦૦૦૬૭, (મો.) ૯૮૯૨૨૮૯૫૧૩

ટ્રસ્ટના અરજીપત્રક E-mail : npshah1711@gmail.com પરથી મેળવી શકાશે.

**– પ્રાણજીવન કે. શાહ, મેનેજીંગ ટ્રસ્ટી**

## શ્રી કચ્છી વાયડા જ્ઞાતિ કેળવણી ફંડ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તરફથી કચ્છી વાયડા જ્ઞાતિના સર્વે વિદ્યાર્થી ભાઈ–બહેનોને વર્ષ ૨૦૨૨–૨૩ માટે સ્કોલરશીપ આપવામાં આવશે. એ માટે વર્ષ ૨૦૨૨માં પાસ કરેલ ધોરણની માર્કશીટ અરજીપત્રક સાથે આપવાની રહેશે. દરેક ધોરણના વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ–બહેનોને મદદરૂપ થવાનો છે. ઉચ્ચ અભ્યાસમાં સરકારમાન્ય કોઈ પણ કોર્ષ માટે ટ્રસ્ટની આવકને ધ્યાનમાં લઈને મદદ કરવામાં આવશે. ઉચ્ચ અભ્યાસની સ્કોલરશીપ મેળવવા માટે અલગથી અરજી કરવાની રહેશે. અરજી સાથે પાસ કરેલ ધોરણની માર્કશીટ, ઉચ્ચ અભ્યાસની વિગત, કોલેજનું પ્રોસ્પેક્ટીવ અથવા ફી ભરી હોય તો એની રસીદ આપવાની રહેશે સાથે પોતાનો મો. નંબર અને બેન્ક ખાતાની વિગતો અવશ્ય આપવી.સામાન્ય સ્કોલરશીપ માટેના અરજીપત્રક નીચે જણાવેલ પ્રતિનિધિઓ પાસેથી મેળવી શકાશે અથવા ઈ–મેઈલથી મંગાવી શકાશે. E-mail : npshah1711@gmail.com, ૧. શ્રી ભરત જે. શાહ, ભુજ – કચ્છ, ૨. શ્રી પરિમલ એચ. શાહ, માંડવી – કચ્છ, ૩. શ્રી પ્રાણજીવન કે. શાહ – મુંબઈ

અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦–૯–૨૦૨૨ છે. ત્યાર પછી આવેલ અરજી પત્રક પર ધ્યાન આપવામાં આવશે નહીં.

– પ્રાણજીવન કે. શાહ, મેનેજીંગ ટ્રસ્ટી

સ્વ. પરષોત્તમ બેચરદાસ શાહ(ભૂજ–કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ

## સ્વ. મંજુલાબહેન રસિકલાલ પરીખ (કડીવાળા)ના જય શ્રી કૃષ્ણ

### ગંગાગોપાલ ચેરીટેબલ ટ્રસ્ટ

ઉપરોક્ત ટ્રસ્ટ તરફથી કચ્છી વાયડા જ્ઞાતિના વિદ્યાર્થી / વિદ્યાર્થીઓને કોલેજના ઉચ્ચ શિક્ષણ માટે તેમ જ અન્યને વૈધકિય સારવાર માટે ટ્રસ્ટની આવકને ધ્યાનમાં લઈને મદદ કરવામાં આવે છે. સ્કોલરશીપ માટે ફોર્મ સાથે પાસ કરેલ ધોરણની માર્કસશીટ તેમ જ કોલેજની ફી રસીદ મોકલવી. વૈધકીય સારવાર માટે ફોર્મ સાથે હોસ્પીટલ / દવાના બીલ મોકલવા જરૂરી છે.

ફોર્મ સાથે બેન્ક ખાતાની વિગત તેમજ મોબાઈલ નંબર જરૂરથી લખવો.

ફોર્મ માટે સંપર્ક : મુંબઈ : પ્રાણજીવન કે. શાહ – ૯૩૨૪૬ ૧૧૩૦૧, ભુજ : ચિરાગ રજનીકાંત – ૯૭૨૪૭ ૯૭૯૦૬, માંડવી : પરિમલ એચ. શાહ – ૯૮૨૫૨ ૩૫૮૧૮

ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૦–૯–૨૦૨૨ છે.

**– પ્રાણજીવન કે. શાહ, મેનેજીંગ ટ્રસ્ટી**

### શાંતિલાલ મકનજી મેમોરિઅલ ટ્રસ્ટ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટની આવકને ધ્યાનમાં લઈને વૈધકિય સારવાર માટે તેમજ આર્થિક રીતે નબળા કુટુંબોને મદદ કરવામાં આવે છે. અરજી નીચે જણાવેલ સરનામે મોકલવી સાથે બેંક વિગત અને મો. નંબર આપવો.

**– પ્રાણજીવન કે. શાહ**

એ/૬૦૩, સાંઈ આશા દિપ, એસ. એલ. રોડ, મુલુન્ડ (પ.) મુંબઈ–૪૦૦૦૮૦

### મુંબઈ કચ્છી વાયડા સમાજ, મુંબઈ

ઉપરોક્ત ટ્રસ્ટ તરફથી મુંબઈ કચ્છી વાયડા જ્ઞાતિના સર્વે વિદ્યાર્થી ભાઈ–બહેનોને વર્ષ ૨૦૨૨–૨૩ માટે સ્કોલરશીપ આપવામાં આવશે. એ માટે ૨૦૨૨માં પાસ કરેલ ધોરણની માર્કશીટ અરજી પત્રક સાથે આપવાની રહેશે. દરેક ધોરણના વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧–૮–૨૦૨૨ છે. અરજી પત્રક સાથે સ્કૂલ / કોલેજની ફીની રસીદ પણ જોડવી.

**– પ્રાણજીવણ કે. શાહ, મેનેજીંગ ટ્રસ્ટી**

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ,** દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮
(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

## પરીક્ષા પાસ – અભિનંદન

**રાજકોટ** : દ્વીપ (Dweep) ગૌરાંગભાઈ મોદી, 12(Science) - English Medium બોર્ડ 84.95 પરસેન્ટાઈલ, ગુજરાત 99.23 પરસેન્ટાઈલ

**વડોદરા** : ડૉ. વ્રજના જતીન પ્રબોધભાઈ પરીખ, M. D. (paediatrics) Passed from B. J. Medical Ahmedabad (ગુજરાત યુનિવર્સિટીમાં બીજા નંબરે ઉત્તીર્ણ), અભિનંદન

**વડોદરા** : રીધમ દીપકભાઈ શાહ (સ્વ. વિજયભાઈ શાહના દોહિત્ર), ધોરણ 10, 98.73 પરસેન્ટાઈલ, ગણિતમાં 100 માર્ક્સ

**અમદાવાદ** : પંથીલ વિશાલ ગીરીશભાઈ શાહ, ધોરણ 12, કોમર્સ, 74%, 79 પરસેન્ટાઈલ

**અમદાવાદ** : પ્રીત જીગર શાહ, HSCB Board, 83%, 95.27 પરસેન્ટાઈલ

**ભૂજ** : પૂજન હિતેશ શાહ, ધોરણ 10, 91.16%

## Receipts till 25-6-2022

| Receipt No. | Person name | Amount | Towards Which |
|---|---|---|---|
| 184 | Drupad Securities Pvt. Ltd. | 2318 | Diwali+Panel Adv. |
| 185 | Harmony International | 200 | Adv. |
| 1 | Indubhai Shah & Brothers | 15000 | Title 4 Adv. |
| 2 | Prernaben Kiritkumar Parikh | 2400 | Panel Adv. |
| 3 | Jatinbhai Shah | 800 | Panel Adv. |
| 4 | Aarti Maternity Hospital | 800 | Panel Adv. |
| 6 | Nikhil Enterprise | 800 | Panel Adv. |
| 7 | Satishbhai Vallabhdas Shah | 800 | Panel Adv. |
| 8 | Prakash Oil Industries | 800 | Panel Adv. |
| 9 | Ashishbhai Hemantbhai Kashiparekh | 800 | Panel Adv. |
| 10 | Madhusudhanbhai K. Shah | 1600 | Panel Adv. |
| 11 | Nanalalbhai Shamjibhai Shah | 800 | Panel Adv. |
| 12 | Harshadbhai Shyamalal Parikh | 800 | Adv. |
| 13 | Prafulbhai Thakarshibhai shah | 501 | Donation |
| 14 | Prafulbhai Narandas Shah | 501 | Donation |
| 15 | Dr. Mehulbhai R Parikh | 1800 | PanelAdv.+Adv. |
| 16 | Chitraben Pareshbhai Kinkhabwala | 400 | Adv. |
| 17 | Deviben Manubhai Parikh | 1600 | Panel Adv. |
| 18 | Hemantbhai Rajendrabhai Marfatia | 400 | Adv. |
| 19 | Sudhaben Ashwinbhai Merchant | 800 | Panel Adv. |
| 20 | H. M. Trading Co. | 800 | Panel Adv. |
| 21 | Rameshwar Infra Creation llp | 400 | Adv. |
| 22 | Sanjaybhai Chandrakantbhai Parikh | 800 | Panel Adv. |
| 23 | Harishbhai Ramjibhai Vayada | 800 | Panel Adv. |
| 24 | R. V. Jewellers | 800 | Panel Adv. |
| 25 | Chandravadanbhai Bhagvandas Shah | 400 | Adv. |

| | | | |
|---|---|---|---|
| 26 | Ahmedabad Dasha Vayada VanikGnati | 800 | Adv. |
| 27 | Chandrakantbhai Visanji Adenwala | 800 | Panel Adve. |
| 28 | Gautambhai Jivanlal Shah | 800 | Panel Adve. |
| 29 | Lataben Satishchandra Parikh | 1001 | Donation Income |
| 30 | Bindiyaben Shah | 800 | Panel Adve. |
| 32 | Maheshchandra Parikh | 400 | Adve. Income |
| 33 | Amitbhai Hasmukhlal Shah | 200 | Adve. Income |
| 34 | Ronakbhai Prafulbhai Shah | 400 | Adve. Income |
| 35 | Vipulbhai Bhupenseabhai Khinkhabwala | 400 | Adve. Income |
| 36 | Jignaben Parikh | 600 | Adve. Income |

**If Following Entries Person Name Isn't Found if found Please contact Administrator**

| Receipt No. | Date | Amount |
|---|---|---|
| 5 | 4-4-2022 | 800 |
| 31 | 29-5-2022 | 800 |

– **વ્યવસ્થાપક**

## શ્રી સમીરી વણિક સમાજ, અમદાવાદ

### જાહેરાત

શ્રી સમીરી વણિક સમાજના સૌ સભ્યોને જણાવવાનું કે સમાજ દ્વારા આ વર્ષે તેમના સ્કુલ / કૉલેજમાં ભણતા બાળકો વિદ્યાર્થીઓ માટે રાહત દરે ફુલસ્કેપ નોટબુકોનું વિતરણ કરવાનું ચાલુ કરેલ છે. જે સભ્યોને નોટબુકો લેવાની હોય તેમણે નીચે જણાવેલ ફોન નંબર પર તેમની જરૂરિયાતના ચોપડા નોંધાવી દેવા. વિદ્યાર્થી દીઠ મહત્તમ 3 ડઝન નોટબુકો આપવામાં આવશે. જેનો ચાર્જ રૂ. 200/- ડઝન રાખવામાં આવેલ છે.

કંદર્પ વી. પરીખ (મો.) 94284 13065

શરદભાઈ જે. પરીખ (મો.) 80001 17928

★★★

## શ્રધ્ધાંજલિ



**સ્વ. ભગવતભાઈ ગીરધરલાલ ગાંધી**
સંખેડાવાળા
શ્રીજી ચરણ: ૧૦/૭/૨૦૧૬



**સ્વ. સોનલબહેન વિરેન્દ્રભાઈ પરીખ**
જન્મ તારીખ : ૧૦/૭/૧૯૫૫
શ્રીજી ચરણ: ૨૯/૧૦/૨૦૧૫



**સ્વ. દિવ્યબાળાબહેન ભગવતભાઈ ગાંધી**
સંખેડાવાળા
શ્રીજી ચરણ: ૮/૭/૨૦૧૭

### સૌજન્ય

વિરેન્દ્રકુમાર રતિશચંદ્ર પરીખ

ઊવિશ વિરેન્દ્રકુમાર પરીખ    ભાવીની ઊવિશ પરીખ

શીરીષકુમાર રતિશચંદ્ર પરીખ

તથા સમસ્ત ગાંધી પરિવારનાં જય શ્રી કૃષ્ણ

**: સરનામુ :**

બી–૨૦૧, દિવ્ય વિનાયક, શ્રી સિધ્ધી વિનાયક કો.હા.સો,
ગણેશ ચોક, ચાર કોપ, પંજાબ નેશનલ બેંકની સામે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૬૭
ફોન નં.: ૯૮૨૦૮ ૮૬૯૭૭, ૯૮૨૦૬ ૮૧૭૬૧
શ્રી શશાંકભાઈ ગાંધી તથા સંજયભાઈ ગાંધી
૫, સુધન, લક્ષ્મી સોસાયટી, વિભાગ નં–૩,
સુભાનપુરા, અલકાપુરી, વડોદરા – ૩૯૦૦૦૫.
ફોન નં.: ૦૨૬૫ – ૨૩૯૬૫૨૩



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN
### Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.
પ્રકાશન ૧૦/૭/૨૦૨૨



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH